પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

RNI NO:- 67073/97

વર્ષઃ૨૫, અંકઃ૬૬, કુલ પાનાઃ૪, તારીખઃ ૧૦-૧૧-૨૦૨૧ બુધવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 25, ISSUE : 66 PRICE :-RS. 1.50 DATE : 10-11-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

### માનવ અધિકારના કાર્યકરો દ્વારા વિરોધ

## લોકતાંત્રિક સંમેલનમાં મોદીને આમંત્રણ આપવાનો વિરોધ કરાયો

નવી દિલ્હી,

માનવ અધિકાર કાર્યકરોને શંકા છે કે ખરાબ રેકોર્ડવાળા નેતાઓને બોલાવવામાં આવતા સંમેલનની વિશ્વસનીયતા ભયમાં મૂકાઈ શકે છે. તેની સાથે એમ પણ કહેવાય છે કે આ સંમેલન ચીન અને તેના સહયોગીઓ સામેનો એક મોરચો છે. પ્રોજેક્ટ ઓન મિડલ ઈસ્ટ ડેમોક્રેસીની શોધના ડિરેક્ટર એમી હોર્થોન કહે છે કે સ્પષ્ટ છે કે ચીનને ટક્કર આપવાની રણનીતિના પગલે તેના ભારત અને ફિલિપાઈન્સ જેવા પડોશીઓને આમંત્રિત કરવામાં આવ્યા છે. ફિલિપાઈન્સના રાષ્ટ્રપતિ રોડ્રિગો ટુર્ટેટ ખુલ્લેઆમ કહી ચૂકયા છે કે તેઓ માનવ અધિકારોની પરવા કરતા નથી. જ્યારે ભારતીય વડાપ્રધાન મોદી અંગે ફ્રીડમ હાઉસનું કહેવું છે કે તેઓ ભારતને અવિરત નિરંકુશતા તરફ દોરી જઈ રહ્યા છે. અમેરિકામાં લોકશાહી પર પહેલી વખત વૈશ્વિક સંમેલન થઈ રહ્યું છે. તેમા વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત સમગ્ર વિશ્વના નેતાઓ



ભાગ લઈ રહ્યા છે. જો કે માનવ અધિકાર કાર્યકરોએ મોદી સહિતના બીજા કેટલાક નેતાઓને બોલાવવા સામે વાંધો ઉઠાવ્યો છે. આ સંમેલનમાં લોકશાહીને વરેલા સોથી પણ વધારે દેશ ભાગ લેવાના છે. તેમા સમગ્ર વિશ્વમાં લોકતાંત્રિક મૂલ્યો અને માનવ અધિકાર ભંગ પર વાત થવાની છે. પરંતુ ઘણા બધા માનવ અધિકાર કાર્યકર આ સંમેલનને શકની નજરે જોઈ રહ્યા છે. કારણ કે તેમા કેટલાક એવા નેતાઓને બોલાવવામાં આવ્યા છે જેનો પોતાનો રેકોર્ડ શંકાસ્પદ છે. માનવ અધિકારો અને લોકશાહી પર કામ કરતી સ્વૈચ્છિક સંસ્થા ફ્રીડમ હાઉસના વાઈસ પ્રેસિડેન્ટ એની બોયાઝિયાનનું કહેવું છે કે કોઈપણ પ્રકારની લોકતાંત્રિક પ્રતિબદ્ધતાઓ વગરનું આ સંમેલન અર્થહીન છે. તેમણે જણાવ્યું હતું કે આ સંમેલનમાં એક બેઠકથી વિશેષ કશું થવાનું હોય તો પછી અમેરિકા સહિત બધા ભાગ લેનારા દેશોએ આગામી સમયમાં લોકશાહી અને માનવ અધિકારોને લઈને અર્થપૂર્ણ પ્રતિબદ્ધતા નીભાવવી પડશે. અમેરિકન અધિકારીઓએ જણાવ્યું હતું કે આ સંમેલન લોકશાહી પરની લાંબી ચર્ચાનો પ્રારંભ છે. આગામી સંમેલનોમાં સામેલ થનારા દેશોએ સુધારાના વચનોનું પાલન કરવું પડશે. વિશેષ રીતે બોલાવવામાં આવેલા મહેમાન અમેરિકન રાષ્ટ્રપતિ બિડેનને તે દાવાની પણ પરીક્ષા છે જે તેમણે વિદેશ નીતિ વખતે કર્યા હતા. આ વખતે ફેબ્રુઆરીમાં આપેલા ભાષણમાં બિડેને જણાવ્યું હતું કે અમેરિકા વૈશ્વિક નેતૃત્વમાં તેની ભૂમિકા પર પરત ફરશે અને ચીન તથા રશિયા જેવી તાકાતોને જવાબ આપશે. અમેરિકન મેગેઝિન પોલિટિકોએ આ સંમલેનમાં આવનારા મહેમાનોની યાદી પણ છાપી છે, તેમા ફ્રાન્સ અને સ્વીડન જેવા પરિપક્વ લોકશાહી ધરાવતા દેશો હશે તથા ફિલિપાઈન્સ અનો પોલેન્ડ જેવા દેશ પણ હશે જ્યાં લોકશાહી ભયમાં હોવાનું કહેવાય છે. એશિયામાં અમેરિકાના સહયોગી દેશ જાપાન અને દક્ષિણ કોરીયા જેવા દેશ આમંત્રિત છે, પણ થાઈલેન્ડ અને વિયેતનામને બોલાવાયા નથી. ઈઝરાયેલ અને ઈરાક આ યાદીમાં છે, પરંતુ અમેરિકાના સાથી મનાતા મિસર અને નાટોના સભ્ય તુર્કી ગાયબ છે. જો કે માનવ અધિકાર સંગઠનો બિડેનની તે વાતને લઈને પ્રશંસા કરી રહ્યા છે કે તેમણે લોકતાંત્રિક અધિકારોને તેમની વિદેશ નીતિમાં પ્રાથમિકતા આપી છે. તેમા પણ ખાસ કરીને અગાઉના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની આ પ્રકારના મામલામાં ઓછી રૂચિ અને વિવાદાસ્પદ નિવેદનો પછી બાઈડેનનું પગલું મહત્ત્વનું મનાય છે. ટ્રમ્પે તો મિસરના રાષ્ટ્રપતિ અબ્દેલ ફતેહ અને રશિયાના પ્રમુખ પુટિનની પ્રશંસા કરી હતી.

## LRDની પરિક્ષાની તારીખ ૧૦ ડિસેમ્બર સુધીમાં શારીરિક પરીક્ષા શરૂ

અમદાવાદ,

લોકરક્ષક દળમાં બિનહથિયારધારી કોન્સ્ટેબલની ૫,૨૧૨, હથિયારધારી કોન્સ્ટેબલની ૭૯૭ અને એસઆરપી કોન્સ્ટેબલની ૪,૪૫૦ જગ્યા માટે ભરતી થશે, જેમાં મહિલાઓ માટે એસઆરપી સિવાયની બંને કેટેગરીમાં મળીને ૧૯૮૩ જગ્યા અનામત રખાઈ છે. સરકારે તમામ ભરતીઓ માટેની મહત્તમ વય મર્યાદામાં એક વર્ષનો વધારો કરવાનો નિર્ણય લીધો હોવાથી આ ભરતી માટે મહત્તમ વય મર્યાદા ૩૪ વર્ષ રાખી છે. ફિઝિકલ ટેસ્ટમાં પાસ થનારા ઉમેદવારો લેખિત પરીક્ષા આપી શકશે.પોલીસતંત્રમાં લોકરક્ષક દળની ભરતીની પરીક્ષા માટેની શારીરિક કસોટી ૧થી ૧૦ ડિસેમ્બર વચ્ચે શરૂ થઈ શકે છે તથા લેખિત પરીક્ષા માટેના કોલ લેટર ૨૦ નવેમ્બર આસપાસ ઈસ્યુ થઈ શકે છે. ભરતી બોર્ડના ચેરમેન હસમુખ પટેલે પ્રેસ-કોન્ફરન્સના માધ્યમથી આ વાતની જાણ કરી હતી. ભરતી બોર્ડના ચેરમેન હસમુખ પટેલ પ્રેસ-કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે ભરતી પ્રક્રિયાની શારીરિક કસોટી બે મહિના સુધી ચાલશે, એટલે કે જો શારીરિક કસોટી ૧૦ ડિસેમ્બરે શરૂ થાય તો એ ૧૦ ફેબ્રુઆરી સુધીમાં પૂર્ણ થઈ શકે છે. માર્ચના પહેલા અઠવાડિયામાં કોન્સ્ટેબલની લેખિત પરીક્ષા લેવાની સંભાવના છે. ભરતીની પ્રક્રિયામાં આવતી સમસ્યાઓના આધારે આ તારીખોમાં ફેરફાર થઈ શકે છે, પરંતુ ઉમેદવારો આ તારીખને ધ્યાનમાં રાખીને તૈયારી કરશે તો તેમને પૂરતો સમયગાળો મળી શકે છે. નોંધનીય છે કે ૧૦ હજાર ૯૮૮ જગ્યાની ભરતીમાં ૧૧ લાખ ૧૩ હજાર ૨૫૧ ઉમેદવારી ફોર્મ ભરાયાં છે, જેમાં ૮ લાખ ૬૮ હજાર ૪૨૨ ફોર્મ કન્ફર્મ થયાં છે. ભરતીમાં ૬ લાખ ૩૫ હજાર પુરુષ ઉમેદવારો અને ૨ લાખ ૩૩ હજાર ૪૧૪ મહિલા ઉમેદવારે ફોર્મ ભર્યાં છે. ફોર્મ ભરવા માટે આજે મંગળવારને લાભ પાંચમે છેલ્લો દિવસ છે. આ વર્ષે નવા રચાયેલા LRD ભરતી બોર્ડના અધ્યક્ષ હસમુખ પટેલે ઉમેદવારી ફોર્મ ભરવાના એક દિવસ અગાઉ ટ્વિટરના માધ્યમથી કમ્પ્યુટર સર્ટિફિકેટની હાલ જરૂર નથી એવી સ્પષ્ટતા કરી હતી. આ સર્ટિફિકેટ ભરતી પ્રક્રિયાના અંતિમ તબક્કે પસંદગી પામેલા ઉમેદવારને દસ્તાવેજ ચકાસણી દરમિયાન રજૂ કરવાનું હોય છે. પોલીસમાં વર્ગ-૩માં ત્રણ સંવર્ગોમાં પાંચ વર્ષ રૂ.૧૯ હજાર ૯૫૦ના ફિક્સ પગારે જાહેર થયેલી LRD ભરતીમાં ૯ નવેમ્બરને લાભ પાંચમની રાતે ૧૧-૫૯ કલાક સુધી ઉમેદવારી ફોર્મ ભરી શકાશે.

## WHO બાદ હવે બ્રિટને પણ કોવેક્સિનના માન્યતા આપી

નવી દિલ્હી,

ડબ્લ્યુએચઓ સહિત વિશ્વના ઘણા દેશો દ્વારા કોવેક્સિનને માન્યતા મળ્યા બાદ વિદેશ પ્રવાસ કરનારા લોકોની સંખ્યામાં વધારો થવાનો અંદાજ છે. દરમિયાન, કોવેક્સિનને વિશ્વના વધુને વધુ દેશો દ્વારા માન્યતા મળે તે માટે રાજદ્વારી સ્તરે પણ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. WHOએ મંજૂર કરેલી ૮ કોરોના રસીમાં મોડર્ના, ફાઈઝર-બાયોએનટેક, જોન્સન એન્ડ જોન્સન, ઓકસફોર્ડ એસ્ટ્રાજેનિકા, કોવિશિલ્ડ, સિનોફાર્મ, સિનોવાક



અને કોવેક્સિનનો સમાવેશ થાય છે.ભારતની સ્વદેશી રીતે વિકસિત એન્ટી-કોવિડ રસી Covaxin ને વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) દ્વારા મંજૂરી મળ્યા બાદ વિશ્વના ઘણા દેશોએ તેના ઉપયોગને માન્યતા આપી છે. જેનું પરિણામ એ આવશે કે Covaxin ના બંને ડોઝ લીધા છે હવે તે લોકોને કેટલાક દેશોમાં વિદેશ પ્રવાસની મંજૂરી આપવામાં આવી છે. Covaxin હવે વિશ્વની આઠ એન્ટિ-કોવિડ રસીઓ પૈકી એક છે, જેને WHO દ્વારા માન્યતા આપવામાં આવી છે. WHO તરફથી ઈમરજન્સી ઉપયોગ માટે Covaxinની મંજૂરી મળ્યા બાદ હવે બ્રિટને પણ તેને માન્યતા આપી છે અને તેને ધ્યાનમાં રાખીને નવી ટ્રાવેલ એડવાઈઝરી પણ જાહેર કરવામાં આવી છે. એવું કહેવામાં આવ્યું છે કે ૨૨ નવેમ્બરના રોજ સવારે ૪ વાગ્યાથી કોવેક્સિન લેનાર લોકોને પણ બ્રિટનની સરહદમાં વેક્સિનેટેડ માનવામાં આવશે. પ્રવાસીઓએ WHO એ ઈમરજન્સી યુઝ લિસ્ટ (WHO) પર સૂચિબદ્ધ કરેલી કોઈપણ વેક્સિનના પુરા ડોઝ લેનારને ફૂલી વેક્સિનેટેડ ગણવામાં આવશે. બ્રિટને હવે ચીનના સિનોવાક, સિનોફાર્મ તેમજ કોવેક્સિનને તેની માન્ય રસીઓની યાદીમાં સામેલ કરવાનું કહ્યું છે. WHOએ લાંબા વિચાર-વિમર્શ અને પ્રક્રિયાઓ પછી ગયા અઠવાડિયે Covaxinને મંજૂરી આપી હતી. ત્યારબાદ વિશ્વના અન્ય ઘણા દેશોએ પણ તેને માન્યતા આપી છે. અત્યાર સુધીમાં બ્રિટન સહિત વિશ્વના ૧૭ દેશોએ ભારતની સંપૂર્ણ સ્વદેશી કોરોના રસી કોવેક્સિનને માન્યતા આપી છે. ઓસ્ટ્રેલિયા, મોરેશિયસ, ઓમાન, ફિલિપાઈન્સ, નેપાળ, મેક્સિકો, ઈરાન, શ્રીલંકા, ગ્રીસ, એસ્ટોનિયા અને ઝિમ્બાબ્વે તેને પહેલાથી જ માન્યતા આપી ચૂક્યા છે. યુએસએ એવા લોકોને પણ ૮ નવેમ્બરથી તેમના દેશમાં મુસાફરી કરવાની મંજૂરી આપી છે જેમણે કોવેક્સિનનો સંપૂર્ણ ડોઝ લીધો છે. WHOએ અગાઉ ભારતમાં સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા દ્વારા ઉત્પાદિત કોવિશિલ્ડ રસીને માન્યતા આપી હતી. આ વેક્સિન ભારતમાં બ્રિટનના ઓક્સફોર્ડ-એસ્ટ્રાઝેનેકાના સહયોગથી બનાવવામાં આવી હતી, જ્યારે ભારત બાયોટેક દ્વારા ઉત્પાદિત કોવેક્સિનને દેશની સંપૂર્ણ સ્વદેશી એન્ટિ-કોવિડ રસી તરીકે ઓળખવામાં આવે છે.

## તમિલનાડુમાં હજુ પણ ભારે વરસાદની આગાહી

ચેન્નાઈ,

વરસાદના લીધે ચેન્નાઈના મોટાભાગના રસ્તા અને ગલીઓ પાણીથી ભરાઈ ગઈ હતી. તેના લીધે તે બંધ રહી હતી. ટ્રાફિક ડાઈવર્ઝન જારી હતુ અને રોડ યુઝર્સે ઘણી તકલીફોનો સામનો કરવો પડયો હતો. અદામ્બકમમાં તો ભારે વરસાદના લીધે પોલીસ સ્ટેશનમાં પાણી ભરાતા પોલીસ સ્ટેશન કામચલાઉ ધોરણે બીજે ખસેડવું પડયું હતું. સ્ટાલિને ૧૫ કોર્પોરેટ ઝોનમાં રાહત કાર્યની દેખરેખ રાખવા માટે ૧૫ આઈએએસ ગોઠવ્યા છે. ૨૦૦ સ્પેશયલ મોનસૂન મેડિકલ કેમ્પ યોજ્યા છે. કોર્પોરેશને જણાવ્યું હતું કે ૩,૭૭૬ લોકોને તબીબી સહાય મળી છે. તાવના કુલ ૧૫૨ કેસ છે, ૧૬૫ કેસ ત્વચાને લગતી તકલીફોના હતા, ૨,૬૦૦થી વધારે કેસોની સારવાર કરવામાં આવી છે.તમિલનાડુમાં ચેન્નાઈ અને અન્ય વિસ્તારો સહિતના રાજ્યના ઉત્તરીય વિસ્તારોમાં વરસાદ જારી છે. આ વિસ્તારમાં જાનહાનિ ન થાય તે માટે સત્તાવાળાઓ વીજપુરવઠો બંધ કરી દીધો છે. હવામાન વિભાગે જણાવ્યું હતું કે બંગાળની ખાડીમાં અને નજીકના સાઉથ આંદામાન દરિયામાં સર્જાયેલા સાઈક્લોનિક સર્ક્યુલેશન દરિયાઈ સપાટીથી ૫.૮ કિ.મી. ઉપર સુધી લંબાયું છે. તે હજી પણ યથાવત્ છે. તેના પ્રભાવ હેઠળ દક્ષિણપશ્ચિમ બંગાળના ખાડીમાં અને પડોશના વિસ્તારોમાં આગામી ૨૪ કલાક વરસાદ પડી શકે છે. પશ્ચિમી ઉત્તર પવનો ડીપ્રેશનમાં પરિવર્તીત થઈને તે ૧૧મી નવેમ્બરે તમિલનાડુ પહોંચે તેવી સંભાવના છે. તેના લીધે રાજ્યના અનેક વિસ્તારોમાં તે દિવસે વહેલી સવારથી વ્યાપક વરસાદ પડી શકે છે.

## રાજકોટમાં એક જ અઠવાડિયામાં ડેન્ગ્યુના ૪૬ કેસ નોંધાયા

રાજકોટ,

રાજકોટ મનપાની આરોગ્ય શાખા દિવાળી તેમજ બેસતા વર્ષના દિવસે પણ સક્રિય રહી હતી અને પોરાનાશક કામગીરી તેમજ ફોગિંગ સહિતની ફિલ્ડ વર્કની કામગીરી કરી હતી. એક સપ્તાહમાં ૪૬૬૩૧ ઘરમાં પોરાનાશક કામગીરી તેમજ ૪૬૮૦ ઘરમાં ફોગિંગ કરાયું હોવાનું મનપાએ જણાવ્યું છે.રાજકોટમાં ગઈકાલે એકસાથે ૪ કેસ નોંધાતા આરોગ્ય વિભાગમાં દોડધામ મચી ગઈ છે. જોકે, આજે બપોર સુધીમાં એક પણ કેસ ન નોંધાતા રાહતનો શ્વાસ લીધો છે. દિવાળી બાદ સંક્રમણ વધે તેવી ચર્ચા થઈ રહી છે. શહેરમાં કુલ કેસની સંખ્યા ૪૨૮૫૦ પર પહોંચી છે. તેમજ અત્યાર સુધીમાં રિકવરી રેટ ૯૮.૧ ટકા અને પોઝિટિવિટી રેટ ૨.૫ ટકા નોંધાયો છે. કુલ ૧૪,૫૨,૯૩૫ લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા છે. તેમજ એક્ટિવ કેસની સંખ્યા ૮ થઈ છે. ડેન્ગ્યુના કેસ છેલ્લા ૩ સપ્તાહથી વધી રહ્યા છે કારણ કે, અત્યાર સુધી ડેન્ગ્યુના ટેસ્ટ કરવા માટે માત્ર સિવિલ પાસે એક જ લેબ હતી પણ હવે એન્ટિજન કિટ આવી છે જેથી ઝડપથી ટેસ્ટ થઈ શકે છે.

## રાજ્યમાં ટેકાના ભાવે મગફળીની ખરીદી શરૂ

ગાંધીનગર,

રાજ્યમાં આજથી ટેકાના ભાવે મગફળી ખરીદીની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે અને ખેડૂતોને જરૂરી મેસેજ પણ મોકલવાનું શરૂ કરી દેવામાં આવ્યું છે. રાજ્યમાં આ વર્ષે પ્રતિ મણ રૂ.૧૧૧૦ ટેકાના ભાવેમગફળીખરીદ કરવામાં આવશે. હય વર્ષે ટેકાના ભાવ રૂ.૧૦૫૫ હતા, જેઆ વરશેવધારવામાં આવ્યાંછે. રાજ્યમાંટેકાના ભાવેમગફળી ખરીદીમાંરાજ્યભરમાંથી ૨,૬૬,૦૦૦ ખેડૂતોએ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવ્યું છે. રાજકોટ જિલ્લાની તો રાજકોટમાં પણ આજથી ટેકાના ભાવે મગફળીની ખરીદ પ્રક્રિયા શરૂ થશે.રાજકોટ જિલ્લામાં ૫૭ હજાર ૮૦૦થી વધારે ખેડૂતોએ કરાવ્યું છે રજીસ્ટ્રેશન.રાજકોટ,લોધિકા અને પડધરીની ટેકાના ભાવે ખરીદી જૂના માર્કેટીંગ યાર્ડ થશે.બીજીબાજુ તંત્ર દ્વારા નોડલ ઓફિસર અને ગ્રામસેવકની નિમણૂંક કરવામાં આવી છે. ખેડૂતોને પહેલા SMS મોકલાશે અને પછી ખરીદ કેન્દ્ર સુધી આવવાનું રહેશે.આ તરફ ભારતીય કિસાન સંઘે ટેકાના ભાવે ખરીદીમાં ખેડૂતો નિરુત્સાહ હોવાનો દાવો કર્યોછે. આજે ૯ નવેમ્બરે એટલે કે લાભ પાંચમથી રાજ્યમાં ટેકાના ભાવે મગફળીની ખરીદ પ્રક્રિયા શરૂ થશે.ખેડૂતો પોતાનો માલ સરળતાથી વેચી શકે અને કોઈ તકલીફ ન સર્જાય તે માટે રાજ્ય સરકાર દ્વારા ૧૪૦ છઁસ્ઝ કેન્દ્રો પર તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી છે.જે ખેડૂતોએ મગફળીના વેચાણ માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવ્યું છે તેમને આજથી મેસેજ મોકલવાની પણ શરૂઆત થઈ ગઈ છે. સામાન્ય સંજોગોમાં ટેકાના ભાવે મગફળીની ખરીદી ૯૦ દિવસ સુધી ચાલતી હોય છે.જોકે ચાલુ વર્ષે ઓછું રજીસ્ટ્રેશન થવાને કારણે ૬૦ દિવસ જ ખરીદી ચાલે તેવી શક્યતાઓ અધિકારીઓ વ્યક્ત કરી રહ્યા છે..જોકે ૬૦ દિવસમાં મોટાભાગનો માલ ખરીદી લેવાનો દાવો પણ અધિકારીઓ દ્વારા કરાયો છે.

## ગાંધીનગર જિલ્લા પંચાયત બિલ્ડીંગમાં આગ : અનેક મહત્વના દસ્તાવેજને નુકસાન

ગાંધીનગર,

આગની ઘટનાની જાણ થતા ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી (DDO) સુરભી ગૌતમ ઘટના સ્થળે પહોંચ્યા હતા. તેમણે સ્વીકાર્યુ કે ગાંધીનગર જિલ્લા પંચાયત બિલ્ડીંગમાં લાગેલી આગમાં અનેક મહત્વના દસ્તાવેજને નુકસાન થયું છે. તેમણે કહ્યું કે નવા દસ્તાવેજોના રેકર્ડ ફરી મળવા શક્ય છે, જયારે જુના દસ્તાવેજ કેવી રીતે મેળવવા એ અંગે પ્રયાસ કરવામાં આવશે. આ સાથે જ બિલ્ડીંગ જૂનું હોવાથી વાયરિંગ પણ ખુલ્લું હોવાનું પણ DDOએ સ્વીકાર્યુ છે. DDOએ કહ્યું કે નવી બિલ્ડીંગ માટે પ્રપોઝલ આપી દેવામાં આવી છે.ગાંધીનગર જિલ્લા પંચાયત બિલ્ડીંગમાં આગ લાગવાણી ઘટના ઘટી હતી. જિલ્લા પંચાયતની બિલ્ડિંગના પહેલા માળે આગ લાગી હતી, જો કે ફાયર બ્રિગેડની ટીમે આગ પર કાબુ મેળવ્યો છે. ઉલ્લેખનીય છે કે ગાંધીનગર જિલ્લા પંચાયતના સમગ્ર બિલ્ડીંગમાં ખુલ્લા વાયર છે. વાયરિંગને લઈને અગાઉ પણ સ્ટાફ દ્વારા ફરિયાદ કરવામાં અવી હતી પણ કોઈ કાર્યવાહી થઈ નથી. આગ આ ખુલ્લા વાયરોને કારણે શોર્ટ સર્કીટથી લાગી છે કે કેમ તે કારણ જાણવા વહીવટી તંત્ર દ્વારા FSLને બોલાવવામાં આવી છે.

## ગુજરાતમાં VVIP પાર્સિંગ માટે નવા નિયમો લાગુ કરાયા


ગાંધીનગર,

ભારતના રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, વડાપ્રધાન અને તેમની સમકક્ષ સુરક્ષા કચવ ધરાવતા વિદેશી મહાનુભાવો સિવાય અન્ય તમામ VVIP, VIPની સુરક્ષા અનુસંધાને ત્રણ મિનિટથી વધુ સમય માટે રસ્તા ઉપર વાહનો અટકાવવા નહીં તેવી સૂચના અપાઈ છે.. ADGએ તમામ શહેરના પોલીસ કમિશનરેટ, પોલીસ અધિક્ષકોને VVIP, VIP મૂવમેન્ટ અંગે અગાઉથી જ ટ્રાફિક મેનેજમેન્ટ કરવા કહ્યુંછે. રસ્તાની લંબાઈ, ટ્રાફિકનું ભારણ, વૈકલ્પિક રૂટ, ડાયવર્ઝન જેવી બાબતો ધ્યાને લઈને શક્ય ત્યાં સુધી જે માર્ગ ઉપર વાહનોની અવર જવર રોકવામાં આવે છે તેનું ખાસ આયોજન કરવા સૂચના અપાઈ છે. સામાન્ય નાગરિકોને થતી હેરાનગતિ રોકવા અગાઉથી જ ટ્રાફિક ડાયવર્ઝન પ્લાન જાહેર કરવો.રાજ્યમાં હવેથી VVIP વાહનો પસાર થાય ત્યારે વાહચાલકોને ૩ મિનિટથી વધારે ટ્રાફિકમાં નહીં ગાળવા પડે.કારણ કે વાહચાલકોને હેરાનગતિ ન થાય તે માટે રાજ્યના અધિક પોલીસ મહાનિર્દેશકે મહત્વનો આદેશ કર્યો છે.ગુજરાતમાં અગાઉની સરકારો કરતા નવી સરકારના પદાધિકારીઓ, સભ્યો ઉપર જોખમનું તત્વ નહિવત છે. જેથી તેમને મળેલી સુરક્ષા વ્યવસ્થા માત્ર પ્રોટોકલ પૂરતી મર્યાદિત રહી છે. તેવામાં રાજ્યના ADG નરસિંહા કોમારે ટ્રાફિક મેનેજમેન્ટના આદેશો કર્યા છે.

## ચીનમાં શી જિનપિંગ નવા દસ્તાવેજ પ્રમાણે કાયમી રાષ્ટ્રપતિ બનશે

નવી દિલ્હી,

જિનપિંગના ચીનના સર્વશક્તિમાન નેતા બનવા પાછળ એ જ વિસ્તરણવાદી રમત છે જે માઓના વારસદારોને વારસામાં મળી છે. છેલ્લા બે વર્ષથી ચીન જે રીતે આપણી સરહદેથી વિશ્વના અન્ય દેશોમાં ઘૂસણખોરીનું કાવતરું ઘડી રહ્યું છે, તેનાથી જિનપિંગના ઈરાદાનો અંદાજ આવી શકે છે, પરંતુ એક રિપોર્ટમાં જિનપિંગના એક મોટા વિસ્તારવાદી ષડયંત્રનો પર્દાફાશ થયો છે. ચીન ૨૦૨૫ સુધીમાં તાઈવાન પર કબજો કરી લેશે. ૨૦૩૦ સુધીમાં ચીન વિયેતનામ અને ફિલિપાઈન્સ જેવા દેશોને હરાવીને સમગ્ર સાઉથ ચાઈના સીને જીતી લેશે. આ પછી ચીન ૨૦૪૦માં અરુણાચલ પ્રદેશ પર



હુમલો કરી શકે છે. એટલું જ નહીં ૨૦૪૫ સુધીમાં ચીન સેનકાકુસ દ્વીપ પરથી જાપાનને હટાવીને પોતાનો લાલ ઝંડો લહેરાવશે. આ પછી મંગોલિયા પર હુમલો કરીને ચીન તેને ઈનર મંગોલિયાનો ભાગ બનાવશે. મંગોલિયા પર કબજો કર્યા પછી ચીન ૨૦૬૦ માં રશિયા પર હુમલો કરશે અને રશિયા દ્વારા નિયંત્રિત વિસ્તારોને ચીન સાથે જોડશે. ચીન જાપાન અને રશિયાના સૈનિકોને હરાવી શકશે. સ્વાભાવિક છે કે, ડ્રેગને પડોશીઓની જમીનને ગળી જવાના કાવતરાનું સંપૂર્ણ કાવતરું તૈયાર કર્યું છે, જેને અંજામ આપવાની જવાબદારી સોંપવામાં આવી છે. તેથી શી જિનપિંગને ત્રીજી વખત સત્તામાં લાવવા માટે મહોર મારવામાં આવશે.ચીનમાં (China) ૭૦ વર્ષથી સત્તા પર રહેલા ચાઈનીઝ કમ્યુનિસ્ટ પાર્ટીના જનરલ સેક્રેટરી, ૧૦ વર્ષથી ચીનના રાષ્ટ્રપતિ, ચીની સેનાના કમાન્ડર-ઈન-ચીફ શી જિનપિંગને (Xi Jinping) ચીનના રાષ્ટ્રપતિ જાહેર કરવામાં આવશે. હવેથી થોડા કલાકો બાદ ચીનની કોમ્યુનિસ્ટ પાર્ટી એક પ્રસ્તાવ પર હસ્તાક્ષર કરવા જઈ રહી છે. ૧૯૨૧માં કોમ્યુનિસ્ટ પાર્ટીની રચના બાદ આ ત્રીજી વખત છે જ્યારે આ પ્રકારનો ઠરાવ તૈયાર કરવામાં આવ્યો છે. ભારત સહિત વિશ્વભરના દેશો તેના પર નજર રાખી રહ્યા છે. જિનપિંગની આ ભયાનક યોજનાથી આખી દુનિયા કેમ ડરી ગઈ ? આવો જાણીએ. ચીન માટે શી જિનપિંગનું જ નામ પૂરતું છે કારણ કે આ નામ જ બેઈજિંગનું સિંહાસન હંમેશ માટે સંભાળવા માટે તૈયાર છે કારણ કે આજથી ૧૧ નવેમ્બરની વચ્ચેની સીપીસી બેઠકમાં એક ઐતિહાસિક દસ્તાવેજ રજૂ કરવામાં આવશે, જેમાં જિનપિંગને ચીનના રાષ્ટ્રપતિ તરીકે હંમેશ માટે રાખવામાં આવશે. જિનપિંગ ૧૦ વર્ષથી ચીનના રાષ્ટ્રપતિ છે. તેઓ સતત બે ટર્મ માટે પ્રમુખ તરીકે ચૂંટાયા છે. હવે ત્રીજી વખત બેઈજિંગની સત્તા જિનપિંગના નામે થવા જઈ રહી છે. ખરેખર, જિનપિંગ ચીનના ઈતિહાસમાં કોમ્યુનિસ્ટ પાર્ટીના સ્થાપક માઓ ઝેડોંગ પછી સૌથી શક્તિશાળી નેતા છે. ૨૦૧૮ માં જિનપિંગ પહેલેથી જ ચીનના તમામ શક્તિશાળી સ્થાનો પર કબજો કરી ચૂક્યા છે. તેથી વિસ્તરણવાદી જિનપિંગની મહત્વાકાંક્ષા તેના ચરમ પર છે અને આ વિસ્તરણવાદી મહત્વાકાંક્ષાને અમલમાં મૂકવા માટે બેઈજિંગના ગ્રેટ હોલ ઓફ ચાઈના ખાતે એક બેઠક ચાલી રહી છે. ચીનની નેશનલ પીપલ્સ કોંગ્રેસની વાર્ષિક સભા બેઈજિંગના ગ્રેટ હોલ ઓફ ચાઈનામાં ચાલી રહી છે. આ આલીશાન હોલમાંથી જિનપિંગની સરમુખત્યારશાહી અનંતકાળ માટે નિશ્ચિત થવા જઈ રહી છે. આગામી ત્રણ દિવસમાં આ કેવી રીતે થશે તે સમજો. ચીનમાં નેશનલ પીપલ્સ કોંગ્રેસની રચના ૧૯૮૨માં થઈ હતી. તેમાં ૩ હજારથી વધુ સભ્યો છે. જેમાં ચીનના પ્રાંતોના નેતાઓ અને સેનાના સેનાપતિઓનો સમાવેશ થાય છે. ચીનની ૧.૫ અબજની વસ્તી માટેની સરકાર છે. આ જ બધું છે. કહેવા માટે બેઈજિંગના આ હોલમાં ત્રણ હજાર પ્રતિનિધિઓ છે. પરંતુ તેમની સ્થિતિ જિનપિંગની સામે રબર સ્ટેમ્પથી વધુ નથી. આ સ્ટેમ્પના કારણે જિનપિંગ પહેલાથી જ ચીનના રાષ્ટ્રપતિની ગાદી પર કબજો જમાવી ચૂક્યા છે. હવે ફરી એકવાર આના દ્વારા મહત્વાકાંક્ષા પર મહોર મારવાની છે, પરંતુ સૌથી મોટો પ્રશ્ન એ છે કે માઓ કરતા વધુ શક્તિશાળી બનીને જિનપિંગ શું હાંસલ કરવા માંગે છે.

# મહીસાગર જિલ્લામાં લાભ પાંચમના શુભ દિવસથી ડાંગરની ટેકાના ભાવે ખરીદીનો પ્રારંભ



લુણાવાડા,

રાજય સરકાર દ્વારા ગુજરાતના ખેડૂતોને આર્થિક રક્ષણ મળી રહે અને તેમના ઉત્પાદનોના પોષણક્ષમ ભાવ મળી રહે તેવા હેતુથી ચાલુ વર્ષ ડાંગરની સીઝનમાં ટેકાના ભાવથી ખરીદવાનું આયોજન કરવામાં આવ્યું છે જે અંતર્ગત મહીસાગર જિલ્લામાં ડાંગરની ટેકાના ભાવે ખરીદીનો આજે લાભ પાંચમના શુભ દિવસથી જિલ્લાના તમામ તાલુકાના એપીએમસી ખાતે પ્રારંભ કરવામાં આવ્યો હતો. રાજય સરકાર દ્વારા આ અગાઉ જે ખેડૂતો ટેકાના ભાવે ડાંગરનું વેચાણ કરવા માંગતા હોય તેમના માટે ઓનલાઇન રજિસ્ટ્રેશન કરવાની કાર્યવાહી કરવામાં આવી હતી.

આ ઓનલાઇન રજિસ્ટ્રેશન અંતર્ગત મહીસાગર જિલ્લાના છ તાલુકા પૈકી લુણાવાડા તાલુકાના ૧૮૯૧ ખેડૂતો, સંતરામપુર તાલુકાના ૯૮૬ ખેડૂતો, કડાણા તાલુકાના ૭૦૧ ખેડૂતો ખાનપુર તાલુકાના ૪૭૪ ખેડૂતો બાલાસિનોર તાલુકાના ૨૮૯ ખેડૂતો તેમજ વિરપુર તાલુકાના ૨૩૫ ખેડૂતો મળી જિલ્લાના કુલ ૪૫૭૬ ખેડૂતોએ ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવ્યું હતું.

રાજય સરકાર દ્વારા આજે લાભ પાંચમના દિવસથી સમગ્ર રાજયમાં ડાંગરની ટેકાના ભાવે ખરીદી કરવાનો પ્રારંભ કરવામાં આવતાં આજે લુણાવાડા એપીએમસી ખાતે ખેડૂતો પોતાની ડાંગર આપવા આવી પહોંચ્યા હતા. જયાં ખેડૂતોને ડાંગરનો ભાવ જયાં બજારમાં ૨૦ કિલોના રૂ. ૩૦૦/- છે જયારે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૩૮૮/-ના ટેકાના ભાવે ડાંગરની ખરીદી કરવામાં આવી રહી છે. આમ, ખેડૂતોને તેમની ૩૦ કિલો ડાંગરના બજાર ભાવ કરતા ૮૮ રૂપિયા વધુ મળી રહ્યા હોવાથી ખેડૂતોમાં આનંદની લાગણી જોવા મળી રહેવાની સાથે ખેડૂતો સરકાર પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરી રહ્યા છે.

# કેવડિયા ગામે પ્રાથમિક શિક્ષક અને તેના બે પુત્રો દ્વારા મહિલાને મૂઢ માર મારતા ફરિયાદ



લુણાવાડા,

મહીસાગર જિલ્લાના વીરપુર તાલુકાના નૂરપુરના અલુજીની વાવ ગામના શિક્ષક અને હાલ બાલાસિનોર તાલુકાના પાંડવા તાબે ભગા બારીયા ખાતે ફરજ બજાવતા શિક્ષક હિમતસિંહ કાળુસિંહ પરમાર અને તેમના બે પુત્રો યુવરાજસિંહ તથા મહાવીરસિંહ દ્વારા મહિલાને મૂઢ માર અને ગેડી માર મારતા વીરપુર પોલીસ મથકે ફરિયાદ દાખલ થતાં શિક્ષકના શિક્ષણ પ્રશ્ને અનેક સવાલો ઉભા થયા હતા. શિક્ષક હિમતસિંહ કાળુસિંહ પરમારના દીકરાનો સબંધ વિરણીયા ગામે કર્યો તે બાબતે ગામમાં ખોટી ચર્ચા કર્યા હોવાની વાતને લઈ ગામની મહિલા રમીલાબેન ભાથીભાઈ સાથે હિમતસિંહ અને તેમના બે દીકરા દ્વારા ઝગડો કરેલ અને મારામારી કરી ગંદી ગાળો બોલી ગળદા પાટુનો ગેદિમાર મારી ડાબી આંખ ઉપર ગંભરી ઈજાઓ પોહચાડી હતી. જેમજ લાકડીઓ દ્વારા માર મારતા બઈડાના ભાગે ઈજાઓ પોહચડતા વીરપુર પોલીસ મથકે ફરિયાદ નોંધી વીરપુર પોલીસ દ્વારા તાપસ હાથ ધરી હતી. પરંતુ સમગ્ર ઘટનામાં રાજકીય નેતાઓ એક્ટિવ થતાં શિક્ષક હિમતસિંહની ધરપકડ ન થતાં ફરિયાદીમાં રોષ જોવા મળ્યો હતો.

# અમદાવાદમાં વેપારીઓમાં હજુ પણ વેકેશન મૂડ હોવાથી બજારો ખાલી ખમ

અમદાવાદ,

ગત વર્ષે કોરોનાના કારણે બજારમાં વેપાર ધંધાને અસર પહોંચી હતી. પરંતુ આ વર્ષે કોરોનાના કેસ ઓછા હોવાથી વેપાર ધંધા પ્રમાણમાં સારા ચાલ્યાં છે. જેથી વેપારીઓ પણ નિશ્ચિંત થઈને દિવાળીની રજાઓ માણી રહ્યાં છે. બીજી તરફ વેકેશન હોવાથી લોકો પણ હજી ફરવાના મુડમાં છે. જેથી બજારોમાં ઘરાકી નહીં ઉઘડી હોવાથી દુકાનો હજી સુધી ખુલી નથી. જે હવે સાતમ કે અગિયારસના મુહૂર્તમાં ખુલશે. કાલુપુર માર્કેટના ડ્રાયફ્રૂટના એક વેપારી નીરવભાઈએ જણાવ્યું હતું કે, આ વર્ષે દિવાળી અગાઉ સારો વેપાર થયો છે. બેસતા વર્ષના દિવસથી વેપારીઓએ રજા રાખી હતી. આજે શુભ મુહૂર્તમાં દુકાન શરૂ કરી છે. પરંતુ હજી બજારમાં અનેક દુકાનો બંધ છે.જે સાતમ અથવા અગિયારસથી શરૂ થશે. અગિયારસ બાદ જ હવે બજારે પહેલાની જેમ રાબેતા મુજબ શરૂ થશે.અન્ય એક વેપારીએ કહ્યું હતું કે હાલમાં લોકો ફરવા ગયા હોવાથી માર્કેટમાં ગ્રાહકોની ભીડ નથી. ઘરાકી થતી નથી. જેથી હવે સોમવારથી જ દુકાનો શરૂ થાય તેવું લાગી રહ્યું છે.કોરોના કાળ બાદ હવે લોકોને મોજ કરવા મળી છે. સંક્રમણ ઓસરી જતાં તમામ જગ્યાઓ હવે ખુલી ગઈ છે. જેથી લોકો વેકેશનમાં પરિવાર સાથે પર્યટન સ્થળો પર ફરવા નીકળી ગયાં છે. દિવાળી પુરી થઈ અને લાભ પાંચમે બજારમાં મુહૂર્ત પણ થયાં પરંતુ લોકોની અવરજવર નહીં હોવાથી બજારમાં ઘરાકી જ નથી. જેથી સોમવારથી જ બજારો રાબેતા મુજબ શરૂ થશે તેવું અમદાવાદના વેપારીઓ જણાવી રહ્યાં છે. અમદાવાદ શહેરના કાલુપુર ચોખા બજાર, મસ્કતી કાપડ માર્કેટ, માધુપુરા માર્કેટ, ટંકશાળ, રતનપોળ, ગાંધી રોડ સહિતના અનેક બજારો દિવાળીના પાંચ દિવસ બંધ હતાં. જે આજે લાભ પાંચમના દિવસે મુહૂર્ત પ્રમાણે શરૂ થયાં છે. તમામ બજારોમાં અનેક વેપારીઓએ દુકાનો ખોલી છે પરંતુ હજુ સુધી મોટાભાગની દુકાનો બંધ છે. એટલે કે સોમવારથી જ દુકાનો રાબેતા મુજબ શરૂ થશે.

# નવાબ મલિકનું અંડરવર્લ્ડ સાથે કનેક્શન : દેવેન્દ્ર ફડણવીસ



નવી દિલ્હી,

દેવેન્દ્ર ફડણવીસે પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું, 'મેં જાહેરાત કરી હતી કે હું કેટલીક બાબતો તમારા બધાની સામે લાવીશ. થોડો સમય લીધો. પણ હું જે કહું છું તે ન તો સલીમ-જાવેદની વાર્તા છે કે ન તો ચિત્રની વાર્તા. આ દેશની સુરક્ષા સાથે જોડાયેલો ગંભીર મામલો છે. ૧૯૯૩ના બોમ્બ વિસ્ફોટો સાથે સંકળાયેલા આરોપી શાહ વલી ખાન પર ટાઈગર મેમણના નેતૃત્વમાં કામ કરવાનો આરોપ હતો. બોમ્બે સ્ટોક એક્સચેન્જ અને મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન બોમ્બ મૂકવાના કાવતરામાં સામેલ હતા. ટાઈગર મેમણના ઘરના વાહનોમાં ભરેલા આરડીએક્સમાં સરદાર શહાબ અલી ખાન સામેલ હતા. બીજો વ્યક્તિ મોહમ્મદ સલીમ પટેલ છે. આ દાઉદ ઈબ્રાહિમનો માણસ છે. તે દાઉદની બહેન હસીના પારકરનો ડ્રાઈવર હતો. હસીના પારકરની ધરપકડ કરવામાં આવી ત્યારે તેની સાથે સલીમ પટેલની પણ ધરપકડ કરવામાં આવી હતી. દાઉદના ફરાર થયા બાદ હસીના પારકરના નામે મિલકતો જમા થતી હતી. સલીમ પટેલના નામે પાવર ઓફ એટર્ની હતી એટલે કે દાઉદ બાદ માત્ર સલીમ પટેલ જ રીકવર થયો હતો. સલીમ પટેલ હસીના પારકરના સૌથી ખાસ માણસ છે. કુર્લામાં ત્રણ એકર જમીન એટલે કે એક લાખ ૨૩ હજાર ચોરસ ફૂટ છે. સલીમ પટેલ અને શાહવલી ખાને સંયુક્ત રીતે આ જમીન વેચી છે. આ જમીન નવાબ મલિકના પરિવારને વેચી દેવામાં આવી છે. 'દેવેન્દ્ર ફડણવીસે આજે પોતાની પ્રેસ કોન્ફરન્સમાં સ્ફોટક ખુલાસો કર્યો છે. તેમણે **NCP** નેતા નવાબ મલિક પર જોરદાર પ્રહારો કર્યા છે.મહારાષ્ટ્ર વિધાનસભામાં વિપક્ષના નેતા અને મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે આજે (૯ નવેમ્બર, મંગળવાર) પોતાની પ્રેસ કોન્ફરન્સમાં વિસ્ફોટક ઘટસ્ફોટ કર્યા છે. દિવાળી પહેલા, **NCP** નેતા અને મંત્રીએ તેમના પર રાજ્યમાં ડ્રગ્સ રેકેટ શરૂ કરવાનો આરોપ લગાવ્યો હતો. ત્યારે દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે, 'નવાબ મલિકે દિવાળી પહેલા માત્ર ચમકારા જ બાકી રાખ્યા છે, હું દિવાળી પછી બોમ્બ વિસ્ફોટ કરીશ. હું નવાબ મલિકના અંડરવર્લ્ડ સાથે કનેક્શનના પુરાવા આપીશ, દેવેન્દ્ર ફડણવીસે ઘટસ્ફોટ કર્યો હતો.

# ગુજરાતના રહેણાંક સોસાયટીઓમાં હવે CCTV કેમેરા ફરજિયાત



ગાંધીનગર,

રાજ્યમાં હવે **CCTV** ફરજિયાત કરવામાં આવ્યા છે ત્યારે હવે સ્થાનિક વિસ્તારોમાં પણ બનતી નાની મોટી ઘટનાઓને રોકવા, ગુનેગારોમાં ભય પેદા કરવા અને ગુના બને તો તેના ઝડપી ઉકેલ માટે રાજ્ય સરકારે કમરકસી છે. છેલ્લા કેટલાક સમયથી રહેણાના વિસ્તારોમાં ચોરી, લૂંટ, ઘરફોડ ઉપરાંત હત્યા સહિતની ઘટનાઓ વધી રહી છે અને ઉકેલ માટે સ્થાનિક પોલીસને આજુબાજુના મકાનો કે બંગલાઓમાં કે રસ્તાઓ ઉપર મૂકાયેલા **CCTV** કેમેરા જ સહાયક સાબિત થઈ રહ્યાં છે. આવા સંજોગોમાં રાજ્ય સરકારે હવે રહેણાક વિસ્તારમાં **CCTV** ફરજિયાત બનાવવા નવી **CCTV** પોલિસી અમલી બનાવી છે. રાજ્યમાં એક બાજુ હત્યા સહીતના ગુનાઓ વધી રહ્યાં છે, તો બીજી બાજુ આવા ગુનાઓ આચરનારાઓને ઝડપથી પકડી સજા આપી શકાય તેમજ આવા ગુનાઓ બનતા અટકી શકે તે માટે સરકારે હવે યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરી છે. રાજ્યના મહાનગરોમાં પોલીસના વિશ્વાસ પ્રોજેક્ટ બાદ હવે આ દિશામાં સરકારે વધુ એક પગલું લીધું છે. રાજયમાં હવે રહેણાંક સોસાયટીઓમાં **CCTV** કેમેરા ફરજિયાત કરવામાં આવ્યાં છે. રાજ્યના ગૃહવિભાગે રાજ્ય સમક્ષ **CCTV** કેમેરા પોલીસી રજૂ કરી હતી, જેને સરકારે મંજુરી આપી છે. રાજ્યમાં રહેણાંક સોસાયટી માટે **CCTV** કેમેરા પોલિસી અમલી બનશે . આ માટે ગૃહ વિભાગના પ્રપોઝલને રાજ્ય સરકારે મંજૂરી આપી દીધી છે. રહેણાંક સોસાયટીમાં હવે સરકારી ધારા-ધોરણો પ્રમાણે **CCTV** કેમેરા લગાવવા પડશે. રહેણાંક સોસાયટીમાં **CCTV** કેમેરા લગાવવા સરકાર ખાસ નિયમો બનાવશે. પોલિસી અંતર્ગત ઝોન પ્રમાણે સોસાયટીની વહેંચણી કરવામાં આવશે. રહેણાંક સોસાયટીને અલગ-અલગ ૪ ઝોનમાં વહેંચવમ આવશે. સોસાયટીમાં **CCTV** કેમેરા લગાવવાની મંજૂરી આપવા કમિટી બનશે. કમિટીની અંદર જે-તે પોલીસ મથક તથા વહીવટીય અધિકારીનો સમાવેશ કરવામાં આવશે. કમિટીની મંજૂરી લીધા બાદ જ રહેણાંક સોસાયટીમાં **CCTV** કેમેરા લગાવાશે. રાજ્યમાં હાલ મહાનગરો સહીત નાના શહેરોમાં પણ વિવિધ કો-ઓપરેટીવ સોસાયટી અને ફ્લેટમાં પહેલેથી જ સુરક્ષાને ધ્યાને રાખીને સ્વ-ખર્ચે **CCTV** કેમેરા લગાવાયા છે. ત્યારે હવે રાજ્યમાં **CCTV** કેમેરા પોલીસી અમલી બનતા આ **CCTV** લગાવવાનો ખર્ચ કોના માથે આવશે એ એક પ્રશ્ન છે. સામાન્ય રીતે સોસાયટીઓના સભ્યોએ જ ભાગીદારી દ્વારા આ ખર્ચ વહન કરવો પડશે. જો એ સરકારે આ અંગે હજી કોઈ જાહેરાત કરી નથી. બની શકે કે સરકાર આમાં કોઈ રાહત આપી શકે.

# તહેવારોમાં વધારાની બસો મુકી ST વિભાગને ૬.૭૭ કરોડની આવક



ગાંધીનગર,

દિવાળીમાં ગુજરાત વાહન વ્યવહાર વિભાગે લોકોને મુસાફરીમાં તકલીફ ન થાય તે માટે વધારાની એસટી બસો દોડાવાનું નક્કી કર્યું હતું. એસટી નિગમે આ વર્ષે પણ તહેવારને ધ્યાને રાખીને ૧૨૦૦ વધુ બસો દોડાવવાનું નક્કી કર્યું હતું. જેમાં સૌથી વધુ સુરત વિભાગની ૧૨૦૦ જયારે અમદાવાદ વિભાગની દૈનિક ૧૫૦ બસો વધારાની દોડાવવામાં આવી. જેની શરૂઆત ૨૯ ઓકટોબરથી થઈ. એસટી વિભાગના જણાવ્યા પ્રમાણે ખાનગી બસ સંચાલકો તહેવારોના સમયમાં ભાડા ડબલ કરી દેતા હોય છે. તેવા સમયે પ્રવાસીઓને અગવડતા ન પડે તે માટે તમામ વિભાગોને વધારાની બસો સિવાય જરૂર પડે પ્રવાસીઓની માગને જોતા બસની વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવા માટે સૂચના આપવામાં આવી હતી.આ વખતની દિવાળી એસટી નિગમ (**GSRTC**) માટે ખૂબ જ સારી રહી. એસટી વિભાગે તહેવારના દિવસોમાં એક્સ્ટ્રા બસો દોડાવી.. જેના થકી એસટી વિભાગને મોટી આવક થઈ છે. આંકડાઓની વાત કરીએ તો ૬ નવેમ્બરે ૮૯.૩૭૬ લોકોએ ઓનલાઈન બુકીંગ કરતા ૧.૬૮ કરોડની આવક થઈ.તો ૭ નવેમ્બરે ૯૦,૫૨૬ મુસાફરોએ ઓનલાઇન બુકીંગ કરતા એસટી વિભાગને ૧.૬૯ કરોડ આવક થઈ. સ્ટેચ્યૂ ઓફ યુનિટી માટે ફાળવેલ એક્સ્ટ્રા ૬૦ વાહનોની ૧૫૧૫ ટ્રીપ થકી ૬૬,૬૯૧ મુસાફરોએ મુસાફરી કરી.જેના થકી એસટીને ૧૩.૩૪ લાખ આવક થઈ. ૩૦ ઓક્ટોબરથી ૭ નવેમ્બર સુધી એસટીના એક્સ્ટ્રા સંચાલનમાં ૧૦,૨૨૦ ટ્રીપમાં ૪,૯૭,૩૨૧ મુસાફરોએ મુસાફરી કરતા એસટીને ૬.૭૭ કરોડની અધધ આવક થઈ છે.. આ તરફ ૯થી ૧૪ નવેમ્બર પણ વધુ એક્સ્ટ્રા વાહનોનું સંચાલન નક્કી કરવામાં આવ્યું છે.

# દિલ્હી NCRમાં પ્રદૂષણમાં થોડો સુધારો આવ્યો



નવી દિલ્હી,

સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ એ સોમવારે દિલ્હી-**NCR**ની હવાની ગુણવત્તાની સમીક્ષા કરી હતી અને કહ્યું હતું કે વાયુ પ્રદૂષણમાં પરાળ સળગાવવાનું યોગદાન આગામી પાંચ દિવસ દરમિયાન વધશે અને હવા ગુણવત્તા સૂચકાંક 'વધારે ખરાબ અને 'ગંભીર શ્રેણીઓ વચ્ચે રહેશે. પરિસ્થિતિની સમીક્ષા કરીને, બોર્ડે દિલ્હી, હરિયાણા, ઉત્તર પ્રદેશ અને રાજસ્થાનની સરકારોને માર્ગો પર પાણીના છંટકાવની સાથે ગ્રેડેડ એક્શન પ્લાનનું કડક પાલન સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો. સંબંધિત એજન્સીઓને સંબંધિત રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અને સમિતિઓને દૈનિક અહેવાલો સબમિટ કરવા માટે કહેવામાં આવ્યું છે. **CPCB**એ જણાવ્યું હતું કે, સબ-કમિટીએ ૮ નવેમ્બરે એક બેઠક બોલાવી હતી અને હવાની ગુણવત્તાની સ્થિતિ, હવામાન અને વાયુ પ્રદૂષણના અંદાજોની સમીક્ષા કરી હતી.દિલ્હીમાં સતત ત્રણ દિવસથી વાયુ પ્રદૂષણમાં થોડો ઘટાડો થયો છે. આ ઘટાડો જોરદાર પવનોને કારણે નોંધવામાં આવ્યો છે, જેના કારણે હવાની ગુણવત્તા ગંભીરથી અત્યંત ખરાબ શ્રેણી સુધી પહોંચી ગઈ છે. સોમવારે સરેરાશ **AQI** ૩૯૦ નોંધાયો હતો, જે 'વધારે ખરાબ શ્રેણીમાં છે. પ્રતિકૂળ હવામાન વચ્ચે દિવાળીના ફટાકડા અને પરાળ સળગાવવાને કારણે દિલ્હીમાં હવાની ગુણવત્તા છેલ્લા ત્રણ દિવસથી 'ગંભીર સ્તરે નોંધાઈ હતી. શૂન્ય અને ૫૦ ની વચ્ચેનો **AQI** 'સારું, ૫૧ અને ૧૦૦ 'સંતોષકારક, ૧૦૧ અને ૨૦૦ 'મધ્યમ, ૨૦૧ અને ૩૦૦ 'ખરાબ, ૩૦૧ અને ૪૦૦ 'વધારે ખરાબ અને ૪૦૧ અને ૫૦૦ 'ખૂબ ગંભીર ગણાય છે. પડોશી રાજ્યોમાં ૫,૪૫૦ ખેતરોમાં પરાળ સળગાવવાની ઘટનાઓ નોંધાઈ હતી, જે આ સિઝનમાં અત્યાર સુધીની સૌથી વધુ છે. છેલ્લા ત્રણ દિવસમાં દિલ્હીનું ૪૮ ટકા વાયુ પ્રદૂષણ પરાળ સળગાવવાને કારણે થયું હતું. સોમવારે તે ઘટીને ૩૦ ટકા થઈ ગયો હતો. હવાની ગુણવત્તાની આગાહી કરતી એજન્સી **SAFAR** અનુસાર, પવનની ઝડપને કારણે પ્રદૂષણમાં ઘટાડો થયો છે. ભારતીય હવામાન વિભાગે જણાવ્યું હતું કે પવનની ઝડપ ૮ કિમી પ્રતિ કલાકથી ૧૪ કિમી પ્રતિ કલાકની રેન્જમાં હતી. **SAFAR** એ હવાની ગુણવત્તામાં થોડો સુધારો થવાની આગાહી કરી હતી પરંતુ કહ્યું હતું કે તે હજુ પણ 'વધારે ખરાબ શ્રેણીમાં રહેશે. ગયા વર્ષે, ૫ નવેમ્બરના રોજ દિલ્હીના પ્રદૂષણમાં પરાળ સળગાવવાનો હિસ્સો ૪૨ ટકા પર પહોંચી ગયો હતો. ૨૦૧૯ માં, ૧ નવેમ્બરના રોજ દિલ્હીના **PM2.5** પ્રદૂષણમાં ૪૪ ટકા પરાળ સળગાવવાનો હિસ્સો હતો.

# રાફેલ સોદામાં ૬૫ કરોડની લાંચ અપાઈનો ધડાકો



નવી દિલ્હી,

ભારતે ફ્રાન્સની કંપની પાસેથી ૩૬ રાફેલ વિમાનો ખરીદવા રુ. ૫૯૦૦૦ કરોડનો સોદો કર્યો હતો. શંકાસ્પદ સોદામાં લાંચ અપાઈ હતી કે નહીં તેની સ્વતંત્ર અને તટસ્થ તપાસ માટે એક ફ્રેન્ચ જજની પણ નિમણૂંક કરવામાં આવી હતી. જો કે આ અંગે ભારતના સંરક્ષણ મંત્રાલય તરફથી કે દસોલ્ટ કંપની તરફથી હાલ કોઈ પ્રતિભાવ આપવામાં આવ્યો નથી. જે ખોટા બિલો દ્વારા દસોલ્ટ કંપનીએ ભારતીય દલાલને લાંચ આપી હતી તે બિલની નકલ પણ તે પ્રસિદ્ધ કરી રહ્યું છે. સોદો પાર પાડવા નકલી બિલો, ખોટા કોન્ટ્રાક્ટ અને કેટલીક ઓફશોર કંપનીઓની મદદ લેવામાં આવી હતી. ભારતની સીબીઆઈ અને ઈડી જેવી એજન્સીઓ છેક ૧૯૧૮થી આ લાંચ અંગે માહિતી ધરાવતી હતી. યાદ રહે કે આ અગાઉ પણ રાફેલ સોદામાં ખુબ મોટી લાંચ અપાઈ હોવાના ગંભીર આક્ષેપ થયા હતા પરંતુ ભારતના સંરક્ષણ મંત્રાલયે અને ફ્રાન્સની દસોલ્ટ કંપનીએ તે બાબતનો સતત ઈંકાર કરતાં તમામ આક્ષેપોને આધારવિહિન ગણાવી ફગાવી દીધા હતા. તે ઉપરાંત ભારતની સુપ્રીમ કોર્ટે પણ આ કેસમાં તપાસ કરાવવાની દાદ માંગતી એક અરજીને એમ કહીને ફગાવી દીધી હતી કે આ કેસમાં તપાસ માટે કોઈ નક્કર આધાર નથી. દસ્તાવેજી પૂરાવા છે જે સ્પષ્ટ સંકેત કરે છે કે દસોલ્ટ અને તેની અન્ય એક સાથીદાર કંપની થેલ્સ એમ બંનેએ ભેગા મળીને ભારતીય વચેટિયા દલાલને સિક્રેટ કમિશન પેટે લાખો યુરોની લાંચ આપી હતી. દસોલ્ટે એવી સ્પષ્ટતા કરી હતી કે આ સોદો પાર પાડવા તેના દ્વારા કોઈ મીડલમેનને લાંચ કે કમિશન ચૂકવાયુ નથી અને કંપની દેશના લાંચ વિરોધી તમામ કાયદાઓનું સુપેરે પાલન કરે છે. સોદો પાર પાડવા કમિશન પેટે જે રકમ નક્કી થઈ હતી તેનો મોટો ભાગ તો ૨૦૧૩ની સાલ પહેલાં જ ચૂકવાઈ ગયો હતો. સુસેન ગુપ્તા સાથે સંકળાયેલા એક બેંક એકાઉન્ટની વિગતો અનુસાર ડી નામની એક કંપની (દસોલ્ટ માટે સાંકેતિક ભાષામાં ઉપયોગમાં લેવાતો શબ્દ)એ ૨૦૦૪ થી ૨૦૧૩ના સમયગાળા દરમ્યાન સિંગાપોરમાં કાર્યરત ઈન્ટરડયુ નામની એક શેલ કંપનીને ૧૪.૬ મિલિયન યુરો (રુ. ૧૨૫.૨૬ કરોડ)નુ પેમેન્ટ કર્યું હતું. વાસ્તવમાં ઈન્ટરડયુ એક સેલ કંપની હતી જે કોઈપણ જાતનો ભૌતિક વેપાર-ધંધો કરતી નહોતી સઅને ગુપ્તા પરિવાર સાથે સંકળાયેલી એક વ્યક્તિ તે કંપનીનું સંચાલન કરતી હતી.રાફેલ વિમાનોનું ઉત્પાદન કરનારી ફ્રેન્ચ કંપની દસોલ્ટે પોતાનો સોદો નક્કી કરવા માટે વચેટિયા દલાલ સુસેન ગુપ્તાને નકલી બિલોની મદદથી ૭૫ લાખ યુરો (રુ. ૬૫ કરોડ)ની લાંચ આપી હતી અને તે અંગેની જાણકારી ભારતની સીબીઆઈ અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ને પણ હતી પરંતુ તેઓએ ઈરાદાપૂર્વક આ ઘટના સામે આંખ મિંચામણા કર્યા હતા અને વચેટિયા દલાલ ગુપ્તા સામે કોઈ પગલાં લીધા નહોતા.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

## ઈન્દોર અમદાવાદ નેશનલ હાઈવે પર સ્થિત ડમ્પિંગ યાર્ડ પ્રકરણ

# દાહોદ નગર પાલિકા દ્વારા કરેલ ઠરાવ રદ્દ કરી થયેલ ચૂકવણાની રિકવરીના વડોદરા પ્રાદેશિક કમિશનર કચેરીનો આદેશ

દાહોદ,

દાહોદ નગરપાલિકામાં ઈન્દોર અમદાવાદ નેશનલ હાઈવે પર સ્થિત ડમ્પિંગયાર્ડ એટલે વેસ્ટ પ્રોસેસીંગ યુનિટના કામોમાં તત્કાલીન ચીફ ઓફિસરે એક હેડની ગ્રાન્ટ બારોબાર બીજા હેડમાં વાપરી પોતાના મળતિયાઓને કરોડો રૂપિયા બારોબાર પધરાવી સત્તાનો દુરૂપયોગ કરી કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર આચર્યો હોવાનું ફલિત થતા વડોદરા પ્રાદેશિક કમિશનર કચેરીએ ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની કલમ ૨૫૮(૧) અંતર્ગત વેસ્ટ પ્રોસેસીંગ યુનિટના કામોમાં તત્કાલીન ચીફ ઓફિસરના સમયમાં થયેલ કામનો ઠરાવ રદ કરી વેસ્ટ પ્રોસેસીંગ યુનિટમાં થયેલ ચૂકવવાણા માં કાર્યવાહીના હુકમ કરાતા અરજદારના આખરે બે વર્ષના સંઘર્ષ તેમજ વહીવટી તેમજ કાનૂની લડાઈ બાદ ન્યાય મળતા તેમજ ભાજપની પારદર્શી સરકારમાં ભ્રષ્ટાચારી તત્વોમાં ઉદાહરણરૂપ દાખલો બેસે તે હેતુથી ઠરાવ રદ કરવાનો હુકમ થતાં ભ્રષ્ટાચારી તત્વોમાં સ્તબ્ધતા સાથે ફફડાટનો માહોલ જોવા મળી રહ્યો છે ત્યારે બીજી તરફ વેસ્ટ પ્રોસેસીંગ યુનિટ ના કામોમાં ભ્રષ્ટાચાર આચરનાર ચીફ ઓફિસર ઉપરાંત પાલિકાના ક્યાં સુધરાઈ સભ્યોને થયેલ ચૂકવણીની રકમ ભરવી પડશે..? તેમજ હવે પછી ઉચ્ચ સ્તરેથી કેવા પ્રકારના પગલાં લેવાય છે. તેવો છૂપો ગણગણાટ પાલિકાના સભ્યો કર્મચારીઓ તેમજ અધિકારીઓમાં અંદરોઅંદર છૂપો ગણગણાટ જોવા મળી રહ્યો છે.


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ નગરપાલિકાના તત્કાલીન ચીફ ઓફિસરે ઈન્દોર અમદાવાદ નેશનલ હાઈવે પર સ્થિત વેસ્ટ પ્રોસેસીંગ યુનિટમાં કરોડો રૂપિયાનું કામ ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની જોગવાઈઓ અનુસાર ઓનલાઈન પ્રક્રિયા વડે પારદર્શી રીતે કરવાની જગ્યાએ કરોડો રૂપિયાનો આર્થિક લાભ લેવા તેમજ પોતાના મળતિયાઓને લાભ પહોંચાડવા માટે પોતાની સત્તાનો દુરૂપયોગ કરી સુનિયોજિત કાવતરાના ભાગરૂપે વેસ્ટ પ્રોસેસીંગ યુનિટના કરોડો રૂપિયાના કામો ટેન્ડરિંગ પ્રક્રિયામાંથી પસાર કરવાની જગ્યાએ પોતાની એસી ચેમ્બરમાં મળતીયાઓ જોડે ભેગા મળી બાંધકામના હેડની ગ્રાન્ટ આરોગ્યના હેડમાં વાપરી તારીખ ૧૩.૧૦.૨૦૧૯ ના રોજ ઉપરોક્ત કામો અંગે જનરલ બોર્ડમાં ઠરાવ કરવાની જગ્યાએ ૯૪/૧ નો ઠરાવ કરી મધ્યપ્રદેશની એક કંપનીને બારોબાર વર્ક ઓર્ડર આપી કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર આચર્યો હતો.ત્યારબાદ દાહોદના જાગૃત નાગરિકો દ્વારા વેસ્ટ પ્રોસેસીંગ યુનિટના કામોમાં ભ્રષ્ટાચાર આચરી ખાયકીનો ખેલ થયો હોવાનું અણસાર આવતા દાહોદના જાગૃત નાગરિકે ઉપરોક્ત મામલે માહિતી અધિકાર અધિનિયમ અંતર્ગત માહિતી માંગતા શરૂઆતના તબક્કામાં પાલિકાએ અરજદાર દ્વારા માંગેલ માહિતીના જવાબો આપવામાં ગલ્લાતલ્લા કરતા આ મામલો બે વર્ષના સમયગાળામાં તૂટક માહિતી,ઓડિટ રિપોર્ટ, તેમજ પાલિકા દ્વારા આપેલ કાગળોમાં વિરોધાભાસી તેમજ ઘણી ખરી વિસંગતતાઓ જોવા મળતા આખરે આ મામલો ગુજરાત મ્યુનિસિપલ બોર્ડ, વિજિલન્સ તેમજ વડોદરા પ્રાદેશિક કમિશનર કચેરીએ પહોંચતા આ મામલો વધુ ગરમાયો હતો. ત્યાર બાદ ઉચ્ચ સ્તરેથી સલગ્ન મામલા સંદર્ભે દસ્તાવેજી પુરાવાઓ માંગતા મામલો વધુ ઉગ્ર બન્યો હતો.ત્યારબાદ ભાજપની સરકારમાં પારદર્શી વહિવટ થાય તેમજ ભ્રષ્ટાચારી બાબુઓ ઉઘાડા પડે તે માટે વડોદરા પ્રાદેશિક કમિશનર કચેરીએ અરજદાર તેમજ પાલિકાના જવાબદાર વ્યક્તિઓને તેડું મોકલી રૂબરૂ સુનાવણી હાથ ધરી હતી. જેમાં અરજદાર દ્વારા આ મામલામાં કૌભાંડ આચર્યા હોવાના સાંયોગિક તેમજ જડબેસલાક પુરાવા સહિતના દસ્તાવેજો આપતાં તેમજ દાહોદ નગરપાલિકાના ચીફ ઓફિસર રજુ કરેલ દસ્તાવેજોના નિરીક્ષણ કર્યા બાદ અંતે દાહોદ નગરપાલિકાના તત્કાલીન ચીફ ઓફિસરે પોતાના મળતિયાઓ જોડે સાઠગાંઠ રચી વેસ્ટ પ્રોસેસીંગ યુનિટના કામોમાં બોગસ દસ્તાવેજો મૂકી કરોડો રૂપિયાનો કૌભાંડ આચરી સરકારી તિજોરીને ચૂનો ચોપડવાનો ફલિત થતાં વડોદરા પ્રાદેશિક કમિશનર કચેરીએ બંને પક્ષે રજૂ કરે દસ્તાવેજના નિરીક્ષણ બાદ (૧) ઠરાવ નંબર ૯૪/૧ કામ તારીખ ૧૩. ૧૧.૨૦૧૯ ની સામાન્ય સભાના એજેન્ડામાં સામેલ ન કરી (૨)સદર ઠરાવ પાછળથી બારોબાર ઉમેરો કરી (૩)સદર ઠરાવ કલમ ૨૫૮ હેઠળ રિવ્યુમાં લીધા વગર તેમજ ઠરાવ નંબર ૯૪/૧ થી ઠરાવેલ એજેન્સી ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ જોગવાઈઓ વિરૂદ્ધ નક્કી થયેલી હોઈ ભ્રષ્ટાચાર આચર્યો હોવાનું સાબિત થતાં વડોદરા પ્રાદેશિક કમિશનર કચેરીએ અરજદારના પક્ષમાં હુકમ કરી તત્કાલીન ચીફ ઓફિસર દ્વારા કરવામાં આવેલ ૯૪/૧ નંબરનો ઠરાવ રદ્દ કરી સદર કામમાં ચુકવેલ રકમ ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની કલમ ૭૦ હેઠળ કાર્યવાહી ના આદેશો આપતા ખળભળાટ મચી જવા પામ્યો છે. ત્યારે આ સમગ્ર મામલામાં કોણે કેટલી ભૂમિકા ભજવી?આ કામોમાં કોણે કેટલી ખાયકી કરી?અને આ પૈસા ક્યાં ગયા..?? તેમજ વડોદરા પ્રાદેશિક કમિશ્નર કચેરીના આદેશો મુજબ રિકવરી આવશે કે નહીં અને આવશે તો આ પૈસા કોણ ભરશે..??તેવા સવાલો તેમજ ચર્ચાઓ નગરપાલિકાના વર્તુળ, સુધરાઈ સભ્યો કર્મચારીઓ સહિત સૌ કોઈમાં ચર્ચાઈ રહ્યો છે.

## લીમખેડાની નાની બાંડીબાર ગામે વ્યાજખોરના ત્રાસનો વિડીયો વાયરલ થતાં ખળભળાટ

દાહોદ,

દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના નાની બાંડીબાર ગામે ગેરકાયદે રીતે અને રજિસ્ટ્રેશન કર્યા વગર નાણાં ધિરાણ કરતા વ્યાજખોરોના ત્રાસ નો વિડીયો વાયરલ થતા લીમખેડા તાલુકા સહિત જિલ્લામાં ખળભળાટ મચી જવા પામ્યો છે. ઊંચા વ્યાજે પૈસા લીધેલ વ્યક્તિના ઘરે જઈને બેફામ ગાળાગાળી કરતો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થતાં પોલીસ એક્શનમાં આવી હતી અને આ મામલે ચાર જેટલા વ્યાજખોરો વિરૂધ્ધ લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ચાર વ્યાજખોરો વિરૂદ્ધ ગુનો નોંધી તાત્કાલિક ધરપકડ કરી હોવાનું સામે આવ્યું છે.

આદિવાસી તેમજ ગ્રામ્ય વિસ્તાર એવા દાહોદ જિલ્લામાં વ્યાજખોરોનો ત્રાસ દિનપ્રતિદિન વધી રહ્યો છે અને તેમાંય ખાસ કરીને રજિસ્ટ્રેશન કર્યા વગર નાણાં ધિરાણ કરી ઊંચા વ્યાજ દરે ગરીબ તેમજ મધ્યમ વર્ગના લોકોને નાણાં આપી ત્રણથી ચાર ગણા વ્યાજના દરે પઠાણી ઉઘરાણી કરતા તત્ત્વો બેફામ બની રહ્યા છે ભૂતકાળમાં પણ આવા અનેક બનાવો સામે આવ્યા હતા અને વ્યાજખોરોના ત્રાસથી કેટલાક યુવાનોએ પોતાનો જીવ પણ ગુમાવ્યો હતો ગરીબોની સાથે સાથે મધ્યમ વર્ગના લોકો પણ ઊંચા વ્યાજદર તેમ જ ગેરકાયદેસર વ્યાજનું ધિરાણકર્તા વ્યાજખોરોના ચંગુલમાં આવી જતા હોય છે અને વ્યાજખોરો દ્વારા ધમકી આપી તેમજ માર મારી પઠાણી ઉઘરાણી પણ કરતા હોય છે ત્યારે લીમખેડા તાલુકાના નાની બાંડીબાર ગામે આવો જ એક કિસ્સો સામે આવ્યો છે જેમાં નાની બાંડીબાર ગામે કાછલા ફળિયામાં રહેતાં ૨૦ વર્ષીય અજયકુમાર ગણપતભાઈ પટેલે આજથી ૨ વર્ષ અગાઉ શાકભાજીનો ધંધો શરૂ કરવા લારી શરૂ કરવા માટે મોટીબાંડીબાર ગામે રહેતાં દિપકભાઈ ઉદેસીંગભાઈ લબાના પાસેથી ૧૦ ટકાના વ્યાજના દરે રૂા. ૩૦,૦૦૦ રૂપીયા લીધાં હતાં, પુષ્પરાજ રમેશભાઈ લબાના પાસેથી ૧૦ ટકાના વ્યાજના દરે ૨૦,૦૦૦ લીધા હતાં, ભાવેશભાઈ ભરતભાઈ લબાના પાસેથી ૧૦ ટકાના વ્યાજના દરે ૨૫,૦૦૦ અને જયરાજભાઈ હરીશભાઈ મેરાવત પાસેથી પણ ૧૦ ટકાના વ્યાજના દરે રૂા. ૨૦,૦૦૦ હજાર રૂપીયા લીધાં હતાં. દર મહિને ઉપરોક્ત ચારેય જણા અજયકુમાર ગણપતભાઈ પટેલ પાસેથી ૧૦ ટકાના વ્યાજે વ્યાજના પૈસા લઈ જતાં હતાં. ત્રણ મહિના બાદ કોરોનાકાળ શરૂ થતાં લોકડાઉન જાહેર થયું હતું અને આ સમયગાળા દરમ્યાન અજયકુમારને શાકભાજીની લારી બંધ કરી દેવી પડી હતી તેમ છતાં અજયકુમાર દ્વારા લોકડાઉનના સમયગાળા દરમ્યાન પણ અડોશ પડોશ તેમજ સગાસંબંધીઓ પાસેથી ઉછીના નાણાં લઈ ઉપરોક્ત ત્રણેય વ્યાજખોરોને તેમના વ્યાજના પૈસા રાબેતા મુજબ ચુકવી દીધાં હતાં.

આ બાદ અજયકુમાર પાસે પૈસાની વ્યવસ્થા ન થતાં તેઓએ વ્યાજ ભરવાનું બંધ કરી દીધું હતું અને ત્યાર બાદ ઉપરોક્ત ચારેય જણા અજયકુમારના ઘરે અવાર નવાર આવી બેફામ ગાળો બોલી, મારી નાંખવાની ધાકધમકીઓ આપી ધિંગાણું પણ મચાવતાં હતાં ત્યારે ગત તા.૦૩.૧૧.૨૦૨૧ના રોજ સાંજના ૦૪ વાગ્યાના સમયે અજયકુમાર તેમના પિતા ગણપતભાઈ, અજયકુમારની પત્નિ સુમિત્રાબેન વિગેરે પોતાના ઘરે હાજર હતાં તે સમયે દિપકભાઈ, પુષ્પરાજભાઈ, ભાવેશભાઈ અને જયરાજભાઈ ચારેય જણા અજયકુમારના ઘરે આવ્યાં હતાં અને બેફામ ગાળો બોલી વ્યાજના પૈસાની પઠાણી ઉઘરાણી કરતાં હતાં. આ દરમ્યાન અજયકુમારે કહેલ કે, તમોએ વગર લાયસન્સે વ્યાજના રૂપીયા આપેલ છે તેમ છતાં અમોએ પૈસા ચુકવ્યાં છે, તેમ કહેતાં ઉપરોક્ત ચારેય જણા એકદમ ઉશ્કેરાઈ ગયાં હતાં અને અજયકુમારને ગડદાપાટ્ટુનો માર માર્યો હતો અને મારી નાંખવાની ધાકધમકી આપી હતી.

ઉપરોક્ત ઘટનાનો વિડીયો કોઈકે પોતાના મોબાઈલ ફોનમાં ઉતારી લઈ સોશીયલ મિડીયામાં વાઈરલ થઈ જતાં જિલ્લાભરમાં ખળભળાટ મચી જવા પામ્યો હતો.

દાહોદ જિલ્લા પોલીસવડાના માર્ગદર્શન અને સુચનાના આધારે આ સમગ્ર મામલાની તલસ્પર્શી તપાસનો ધમધમાટ આરંભ થતાં આ વિડીયો લીમખેડાના નાની બાંડીબાર ગામનો હોવાનું સામે આવ્યું હતું અને આ મામલે વ્યાજખોરોના ત્રાસના પિડીત અજયકુમાર ગણપતભાઈ પટેલે ચારેય વ્યાજખોરો વિરૂધ્ધ લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી ચારેયની અટકાયત કરી લીધી હતી.

## દે.બારીયાના ફુલપુરા ગામે સામાન્ય ઝગડામાં ચાર ઈસમો દ્વારા હુમલો ત્રણ વ્યકિતને ઈજાઓ

દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના ફુલપુરા (ડા) ગામે સામાન્ય ઝઘડામાં ગાળો બોલવાની ના પાડતાં ચાર જેટલા ઈસમો એકદમ ઉશ્કેરાઈ ગયાં હતાં અને કુહાડી, ચપ્પુ વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી એક મહિલા સહિત ત્રણ જણાને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવતાં પંથકમાં ચકચાર મચી જવા પામી હતી.

ગત તા.૦૭મી નવેમ્બરના રોજ ફુલપુરા ગામે ડાંગરીયા ફળિયામાં રહેતાં જેસીંગભાઈ મથુરભાઈ તથા તેમની સાથે જસવંતભાઈ વજેસીંગભાઈ બંન્ને રસ્તા ઉપરથી પસાર થઈ રહ્યાં હતાં તે સમયે તેમના ગામમાં રહેતાં પ્રમોદભાઈ દિલીપભાઈ પટેલ, પંકજભાઈ પર્વતભાઈ પટેલ, ભોપતભાઈ પર્વતભાઈ પટેલ તથા દિલીપભાઈ પર્વતભાઈ પટેલનાઓ મોટરસાઈકલો પર સવાર થઈ આવ્યાં હતાં અને જેસીંગભાઈ તથા જસવંતભાઈ સાથે ઝપાઝપી કરી બેફામ ગાળો બોલતાં હતાં. આ દરમ્યાન જીગ્નીશાબેન વચ્ચે છોડવવા પડતાં ઉપરોકત ચારેય જણા પોતાની સાથે લાવેલ કુહાડી, ચપ્પુ વડે જેસીંગભાઈ અને બચુભાઈને માથાના ભાગે તેમજ હાથના ભાગે ઘા મારી લોહીલુહાણ કરી નાંખ્યાં હતાં જ્યારે જીગ્નીશાબેનને પકડી પાડી તેઓને ગડદાપાટ્ટુનો માર મારી ભારે ધિંગાણું મચાવ્યું હતું. ધિંગાણામાં બુમાબુમ થઈ જતાં આસપાસના લોકો દોડી આવ્યાં હતાં અને લોકોને આવતાં જોઈ પ્રમોદભાઈ, પંકજભાઈ, ભોપતભાઈ અને દિલીપભાઈ નાસી ગયાં હતાં.

આ સંબંધે ફુલપુરા ગામે ડાંગરીયા ફળિયામાં રહેતાં ચંદ્રિકાબેન જેસીંગભાઈ પટેલે દેવગઢ બારીઆ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

**દાહોદ જિલ્લાના ખરોદા ગામ ચોસાલા ફળિયુ થી જવસિંગભાઈ ના ખેતર માંથી ૭ ફૂટ લાંબો અજગર નેચર હેલ્પ ફાઉન્ડેશનના સભ્યો દ્વારા રેસ્કયુ કરવામાં આવ્યો.**

## દે.બારીઆ ટાવર રિનોવેશન કરાવી લોકાર્પણ કરાયુ

દે.બારીઆ,

દે.બારીઆ નગરમા રજવાડી નગર રચનાના કારણે વિવિધ મહેલો, ગેટ અને ઐતિહાસિક ઈમારતોથી ભરપુર નગરમાં પેન્ડયુલીયમ ઘડિયાળ સાથેનો ૧૯૧૯માં નિર્માણ થયેલો ઐતિહાસિક ટાવર આવેલો છે. આ ટાવરમાં આ વર્ષે ચોમાસામાં વીજળી પડતા તેના ઘુમ્મટ ખંડિત થયુ હતુ. ત્યારબાદ નગરપાલિકા પ્રમુખ દ્વારા દિવાળી પહેલા આ ટાવર રિપેર કરી કલરકામ કરી ફરી કાર્યરત કરવાની ખાતરી આપી હતી. જે કામગીરી પુર્ણ થતાં દિવાળીના દિવસે ભવ્ય લોકાર્પણ યોજાયુ હતુ.

દે.બારીઆ નગરમાં આવેલા ઐતિહાસિક ટાવરના વર્ષે-૨૨ સપ્ટેમ્બરે વીજળી પડતા ઘુમ્મટ ખંડિત થયો હતો. ઉંચાઈ તથા ચુનાનુ ચણતર હોવાના કારણે રિનોવેશન માટેના તેના કારીગરો મળવા ખુબ મુશ્કેલ હતા. આ બાબતે નગરપાલિકા પ્રમુખ ડો.ચાર્મીબેન નીલ સોની દ્વારા દિવાળી પહેલા આ ટાવરને ફરી શરૂ કરવાની ખાતરી અપાઈ હતી. જેથી દે.બારીઆના અમદાવાદમાં કામ કરતા મુસ્તાકભાઈ શેખ દ્વારા તેના ખાસ પ્રકારના કારીગરો બોલાવી પાલેખો બંધાવી ૧૧૦ ફુટ ઉંચા ટાવરનુ ઘુમ્મટનુ રિપેરીંગ કરી તેને કલરકામ કરાવવામાં આવ્યુ હતુ. ત્યારબાદ ટાવરની પાસે આઈ લવ દે.બારીઆનુ સિમ્બોલ પણ મુકવામાં આવ્યુ હતુ. આ બંનેનુ લોકાર્પણ નગરપાલિકા પ્રમુખ ડો.ચાર્મીબેન નીલ સોની, ઉપપ્રમુખ ગૌરાંગભાઈ પંડ્યા, તથા સભ્યો દ્વારા કરવામાં આવ્યુ હતુ. લોકાર્પણ બાદ લાઈટીંગ શો પણ યોજવામાં આવ્યો હતો. અને લોકોએ ખુબ ભારે મોટી સંખ્યામાં શો નિહાળ્યો હતો.


**આદિવાસી ભવન દાહોદ ખાતે દાહોદ તાલુકાના ભાટીવાડા ગામ નો યુવાન ભરવાડ સિદ્ધાર્થ ભાઈ પ્રતાપભાઈ રાજ્યકક્ષાએ સુરેન્દ્રનગર રમવામાં સારૂં પ્રદર્શન કરી. નેશનલ લેવલે સિલેક્ટ થઈ મહારાષ્ટ્ર નાસિક મુકામે રમવા જવા રવાના કરવામાં આવ્યો. જેમાં સિદ્ધાર્થ નો સન્માન સમારોહ રાખવામાં આવ્યું.જેમાં દાહોદ જિલ્લા ભાજપ મહામંત્રી કનૈયાલાલ કિશોરી, તાલુકા ભાજપ પ્રમુખ મુકેશભાઈ લબાના, દાહોદ શૂટિંગ બોલ એસોસિયેશનના મંત્રી ચૌહાણ સાહેબ, ખજાનચી પ્રદીપભાઈ પંચાલ, આગેવાન વિજય પરમાર ભરવાડ સમાજના આગેવાનો, વિનોદભાઈ રાજગોર, બીજલ ભાઈ ભરવાડ, લખનભાઈ રાજગોર, હસમુખભાઈ ભરવાડ, ભરવાડ સમાજના સૌ આગેવાનો ઉપસ્થિત રહ્યા.**

## દે.બારીઆના ભથવાડા ટોલબુથ પાસેથી ફોર વ્હીલમાં લઈ જવાતો ૨.૪૩ લાખનો દારૂ ઝડપ્યો

દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના ભથવાડા ટોલનાકા પાસેથી પોલીસે એક ફોર વ્હીલર ગાડીમાંથી રૂા. ૨,૪૩,૧૮૦ના પ્રોહી જથ્થા સાથે પીકઅપ ગાડી મળી કુલ રૂા. ૭,૪૫,૧૮૦નો મુદ્દામાલ સાથે ચાલક સહિત બે જણાની પોલીસે અટક કર્યાનું જાણવા મળે છે.

ગત તા.૦૭મી નવેમ્બરના રોજ પીપલોદ પોલીસને મળેલ બાતમીના આધારે ભથવાડા ટોલનાકા પાસે આવતાં જતાં તમામ નાના મોટા વાહનોની તલાસી હાથ ધરતાં હતાં તે સમયે ત્યાંથી બાતમી દર્શાવેલ એક પીકઅપ ફોર વ્હીલર ગાડી પસાર થતાં પોલીસ સાબદી બની હતી અને પીકઅપ ફોર વ્હીલર ગાડી નજીક આવતાંની સાથે તેને ચારેય તરફથી ઘેરી લઈ ગાડીની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂની નાની મોટી બોટલો નંગ. ૧૯૩૨ કિંમત રૂા. ૨,૪૩,૧૮૦ના પ્રોહી જથ્થા સાથે ગાડીની કિંમત મળી કુલ રૂા. ૭,૪૫,૧૮૦ના મુદ્દામાલ સાથે ગાડીમાં સવાર ચાલક દિનેશ માંગીલાલ કાઘ (રહે.ધાર, મધ્યપ્રદેશ) અને તેની સાથેનો સુરેન્દ્રસિંહ સજ્જનસિંહ રાજાવત (રહે. ધાર, મધ્યપ્રદેશ) એમ બંન્ને જણાની અટકાયત કરી પીપલોદ પોલીસે બંન્ને ઈસમો વિરૂધ્ધ પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ઓનલાઈનના કારણે સ્કીન ટાઈમ ૯૪ ટકા થયો : સોશિયલ મિડીયાનો યુઝ વધ્યો

વડોદરા,

ઓનલાઈન શિક્ષણના પગલે મોબાઈલ, લેપટોપ પર સ્કીન ટાઈમ વધી ગયો હોવાથી મોટાભાગના વિદ્યાર્થીઓએ આંખો અને માથાના દુખાવાની સમસ્યા વધી ગઈ હોવાની ફરિયાદ કરી હતી. લોકડાઉનને પગલે યુવાનોમાં સોશિયલ મીડિયાનો ઉપયોગ વધ્યો મિત્રતા અને સંબંધોમાં અંતર વધ્યું છે. તેમજ મોટાભાગના યુવાનોનો મોબાઈલ સ્કીન ટાઈમ ૯૪ ટકા પર પહોંચી ગયો હોવાનું સોશિયલ વર્ક ફેકલ્ટીની વિદ્યાર્થિનીએ કરેલા રિસર્ચમાં બહાર આવ્યું હતું. મ.સ.યુનિ.માં અભ્યાસ કરતાં યુવાન વિદ્યાર્થીઓ પર સોશિયલ વર્ક ફેકલ્ટીની વિદ્યાર્થિની સાંઈ આકૃતીએ કોવિડ મહામારીના સમયગાળામાં શું અસરો થઈ તેના પર પ્રો.ભાવના મહેતાના ગાઈડન્સમાં ૧૦૧ વિદ્યાર્થીઓનો ડેટા સર્વે વિવિધ પ્રશ્નોતરીના માધ્યમથી કર્યો હતો. જેમાં વિવિધ તારણો બહાર આવ્યા હતા. ૬૫ ટકા વિદ્યાર્થીઓએ સ્વીકાર્યું હતું કે, રોગચાળાના સમયગાળામાં મિત્રતા અને સંબંધોમાં અંતરનો સામનો કરવો પડ્યો હતો. ૭૨ ટકા વિદ્યાર્થીઓનો સોશિયલ મીડિયા પર સમય વધારે પસાર કર્યો છે. વિદ્યાર્થીઓનો મોબાઈલ સ્કીન ટાઈમ વધવાનું મુખ્ય કારણ ઓનલાઈન લેક્ચર હતા. આ ઉપરાંત પરીક્ષાની મૂંઝવણ શૈક્ષણિક અનિશ્ચિતતાને કારણે વિદ્યાર્થીઓનું માનસીક સ્વાસ્થય પ્રભાવિત થયું હતું. કોવિડ સમયગાળાના ના પગલે વિદ્યાર્થીઓ કોલેજ જઈ શકતા ના હતા જેના કારણે તેમનું સામાજીક જીવન ખોરવાઈ ગયું અને કોલેજનું વાતાવરણ અનુભવી શકતા ના હોવાથી તેઓ મુશ્કેલી અનુભવતા હોવાનું તારણ આવ્યું હતું.

## દે.બારીઆના માંડવ ગામે નાકાબંધી દરમિયાન બોલેરો ગાડી માંથી ૩.૭૪ લાખનો દારૂ ઝડપ્યો

દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના માંડવ ગામે પોલીસની નાકાબંધી દરમ્યાન એક બોલેરો ગાડીનો ચાલક પોલીસને જોઈ પોતાના કબજાની બોલેરો ગાડી સ્થળ પર મુકી નાસી જતાં પોલીસે ગાડીની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂની નાની મોટી બોટલો મળી કુલ રૂા. ૩,૭૪,૪૦૦ના પ્રોહી જથ્થા સાથે ગાડીની કિંમત મળી કુલ રૂા. ૫,૭૪,૪૦૦નો મુદ્દામાલ કબજે કર્યાનું જાણવા મળે છે.

ગત તા.૦૮મી નવેમ્બરના રોજ સાગટાળા પોલીસને મળેલ બાતમીના આધારે માંડવ ગામે બારીઆ ફળિયામાં નાડાતોડ તરફથી આવતાં રોડ ઉપર નાકાબંધી કરી આવતાં જતાં તમામ નાના મોટા વાહનોની તલાસી હાથ ધરતાં હતાં. આ દરમ્યાન ત્યાંથી એક બોલેરો ફોર વ્હીલર ગાડી પસાર થતાં બોલેરો ગાડીનો ચાલક રમેશભાઈ મોહનભાઈ બારીઆ (રહે.માંડવ, દેવગઢ બારીઆ, તા.દેવગઢ બારીઆ, જિ.દાહોદ) પોલીસને જોઈ પોતાના કબજાની બોલેરો ગાડી સ્થળ પર મુકી નાસી ગયો હતો. પોલીસે ગાડી નજીક જઈ ગાડીમાં તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂની નાની મોટી બોટલો નંગ. ૨૮૮૦ કિંમત રૂા. ૩,૭૪,૪૦૦ તથા બોલેરો ગાડીની કિંમત મળી કુલ રૂા. ૫,૭૪,૪૦૦ના મુદ્દામાલ સાથે ઉપરોક્ત ફરાર ચાલક વિરૂધ્ધ સાગટાળા પોલીસે પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No. 66

## ઘોઘંબા તાલુકાના બાઢવા રણજીતનગર ગામે

# ખેતરમાં વાવેતર કરેલ લીલા ગાંજા સાથે એક વ્યક્તિ ઝડપાયો





**- SOG પોલીસે બાતમીના આધારે રેઈડ કરી.**
**- ૭.૯૭ લાખ રૂપીયાના ગાંજાનો જથ્થો ઝડપ્યો.**

ગોધરા,
ગોધરા એસ.ઓ.જી. પોલીસને બાતમી મળી હતી કે, ઘોઘંબા તાલુકાના બાઢવા રણજીત નગર ગામે ખેતરમાં કપાસની ખેતી વચ્ચે ગાંજાના છોડ વાવેતર કરેલ છે. તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી ખેતરમાંથી ૪૦ નંગ ગાંજાના છોડ કિંમત ૭,૯૭,૯૦૦/- રૂપીયાના જથ્થા સાથે એક ઈસમને પોલીસ દ્વારા ઝડપી પાડવામાં આવ્યો.

વિસ્તૃત વિગતો પ્રમાણે ગોધરા એસ.ઓ.જી. પોલીસને બાતમી મળી હતી કે, ઘોઘંબા તાલુકાના બાઢવા રણજીત નગર ગામે સુથાર ફળીયામાં રહેતા રણજીતસિંહ જેમંતસિંહ બારીયા પોતાના કબજાના ખેતરમાં કપાસની ખેતી કરેલ છે અને કપાસની ખેતી સાથે ગાંજાના છોડનું વાવેતર કરેલ છે. તેવી ચોકકસ બાતમીના આધારે એસ.ઓ.જી. પોલીસે પંચો સાથે રાખીને રણજીતસિંહ બારીયાના ખેતરમાં રેઈડ કરી હતી. દરમ્યાન રણજીતસિંહ બારીયા હાજર મળી આવ્યા હતા. પોલીસની તપાસ દરમ્યાન ખેતર માંથી ૪૦ નંગ ગાંજાના છોડ મળી આવ્યા હતા. એફ.એસ.એલ.અધિકારી દ્વારા સ્થળ ઉપર બોલાવી પરીક્ષણ કરાવતા લીલો ગાંજો હોવાનું જણાયું હતું. પોલીસ દ્વારા ખેતર માંથી પકડેલ ગાંજના છોડનું વજન કરાવતા ૭૯.૯૭ કિલો ગ્રામ ગાંજા કિંમત ૭,૯૭,૯૦૦/-રૂપીયાનો જથ્થો કબજે લેવામાં આવ્યો હતો. આ બાબતે રાજગઢ પોલીસ મથકે આરોપી વિરૂદ્ધ એન.ડી.પી.એકટ હેઠળ ગુનો નોંધાવામાં આવ્યો છે.

પંચમહાલ જીલ્લાના અનેક તાલુકાઓમાં અવાર-નવાર અમુક ખેડુતો ટુંકા ગાળાનો વધુ આર્થિક લાભ લેવા માટે ખેતરોમાં અન્ય પાકોની ખેતીની સાથે ગાંજાનું વાવેતર કરવાના અનેક કિસ્સાઓ સામે આવી રહ્યા છે. જીલ્લાના અનેક ખેડુતો આવા ટુંકાગાળાના આર્થિક લાભ લેવામાં લાલચમાં નશાના પદાર્થ ઉત્પાદન કરતાં હોય અને કાયદાની ચુંગલમાં સફડાઈ જતા હોય છે. ત્યારે ખેડુત મિત્રો પણ પ્રતિબંધીત ગાંજાના છોડનું વાવેતર ન કરે તે માટે જાગૃતિ લવાય તે પણ જરૂરી છે.

## શહેરા-ગોધરા હાઈવે ટીમ્બા પાટીયા પાસે રેતી ભરેલ ટ્રેકટરને રોકવા પોલીસનો પ્રયાસ છતાં નાશી જતાં પોલીસ મથકે ફરિયાદ


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,
શહેરા ગોધરા હાઈવે માર્ગ ઉપર ટીમ્બા પાટીયા પાસે કુણ નદી માંથી ગેરકાયદેસર ખનીજ ભરીને પસાર થઇ રહેલા નંબર વગરના ટ્રેકટરને પોલીસે ઉભા રાખવા માટે ઈશારો કરતા નાસી જતા પોલીસે ફિલ્મી ઢબે પીછો કર્યો હતો. જોકે રેતી ભરેલ ટ્રેકટરના ચાલક એ રોંગ સાઈડ ખનીજ ભરેલ ટ્રેકટર પોલીસની ખાનગી ગાડીના સામે અકસ્માત થાય તેમ લાવીને કટ મારીને પૂરઝડપે ટ્રેકટર લઈને નાસી ગયો હતો.આ મામલે પોલીસ મથક ખાતે પોલીસ કર્મી દ્વારા ફરિયાદ નોંધાવી હતી. જોકે એવું પણ ચર્ચાઇ રહ્યુ છે કે એક પોલીસકર્મી રેતી ભરેલ ટેકટર ના પાછળ ના ડાલા પર પોતાના જીવના જોખમે ટ્રેકટર ઉભા રાખવા માટે પણ પ્રયત્નો કર્યાં હતા.

શહેરા તાલુકાના ડેમલી પાસે આવેલ આંબાજટી, ઉમરપુર તેમજ ખાંટના મુવાડા પાસે પસાર થતી કુણ નદીના વિસ્તારમાં મોટા પ્રમાણમાં ગેરકાયદેસર રીતે રેતીખનનનો ધંધો ફુલ્યો ફાલ્યો છે. આ વિસ્તારમાં તંત્રને આંખમાં ધુળ નાખીને ખનીજચોરો નંબર વગરના ટ્રેકટરનો ઉપયોગ કરીને બેફામ ખનીજચોરી કરીને સરકારી તિજોરીને લાખો રૂપિયાનું નુકશાન પહોંચાડી રહ્યા છે. હવે ખનીજ ચોરી કરનારાઓની હિંમત એટલી બધી વધી ગઈ છે. તેઓ પોલીસને પણ પકડાર ફેકી રહ્યા હોય તેમ લાગી રહ્યુ છે. હાલમાં શહેરા ગોધરા હાઈવે માર્ગ ઉપર ટીમ્બા પાટીયા પાસે નંબર વગરનું સ્વરાજ ટ્રેકટર ગેરકાયદેસર રેતી ભરીને જઈ રહ્યુ હતું. તે સમયે પેટ્રોલીંગમાં નીકળેલી પોલીસ ટીમે ચાલકને ઊભા રાખવા માટે કહેતા ચાલકે ઉલટાનું ફુલ સ્પીડે ટ્રેકટરને ભગાવી મુકતા તે સમયે ફિલ્મી ઢબે પોલીસે તેનો પીછો કર્યો હતો. જોકે ટ્રેકટરના ચાલક એ પકડાઇ જવાની શક્યતા લાગતા તેને અચાનક ટ્રેકટર પાછું વાળીને પીછો કરતી પોલીસની ખાનગી ગાડી સામે પૂરઝડપે અકસ્માત થાય તેમ લઈ જતા પોલીસ કર્મીઓને થોડીવાર માટે જીવ જોખમમાં હોય તેમ લાગતા તેઓ પણ ગભરાઈ ગયા હતા. જોકે ખનીજ ભરેલ ટ્રેકટર ચાલક પોલીસની ખાનગી ગાડીને કટ મારીને રેતી રોડ પર જ ખાલી કરીને ફરાર થઈ ગયો હતો. આ મામલે શહેરા પોલીસે તપાસ કરતા ઉમરપુર ગામના ભલાડિયા ફળિયામાં રહેતા દશરથભાઈ ઉર્ફે દિનેશભાઈ કાળુભાઈ સોલંકીનું નંબર વગરનું રેતી ભરેલ ટ્રેક્ટર હોવાનું જાણવા મળેલ હતું. જેને લઈને પોલીસ મથક ખાતે ફરજ બજાવતા આર્મ પોલીસ કોન્સ્ટેબલ દિલીપ રાવજીભાઈ એ આ મામલે ફરિયાદ નોંધાવી હતી. ઉલ્લેખનીય છે કે પોલીસ દ્વારા ગેરકાયદેસર રેતી ભરીને રોયલ્ટી પાસ વગર નંબર વગરના ફરતા ટ્રેકટર ના ચાલકે પોલીસ કર્મીઓનો જીવ જોખમમાં મુકાય તેમ કરીને કટ મારીને પોતાનું વાહન લઈને નાસી ગયો ગયો હતો. તેમ છતાં હજુ પણ દિવસ અને રાત્રીએ નંબર વગરના ટ્રેક્ટરમાં તંત્રના કોઈ પણ ડર વગર ગેરકાયદેસર રેતી ભરેલા વાહનો પસાર થતા હોય ત્યારે અનેક સવાલો આ મામલે લોકોમાંથી ઉઠી રહ્યા છે કે, ગેરકાયદેસર રેતી ભરીને પસાર થતાં વાહનો મોટા માથાઓ અને ઉચી પહોચ ધરાવતા હોવાથી સ્થાનિક તંત્રને જિલ્લાનું તંત્ર આ સામે કાર્યવાહી કરવા માટે ખચકાઈ રહ્યું છે. તાલુકાના આંબાજટી સહિતના આજુબાજુના વિસ્તારમાંથી પસાર થતી કુણ નદીમાં જે રીતે ગેરકાયદેસર રેતી ખનન થતું હોય મોટા પાયે ત્યારે જિલ્લા કલેક્ટર દ્વારા આ ગેરકાયદેસર રેતી ખનન અટકાવવા માટે એક ટીમ બનાવીને કડકમાં કડક કાર્યવાહી કરે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

## ઘોઘંબા કણબી પાલ્લીની દુધ મંડળીના કર્મચારીઓ હડતાળ ઉપર જતા દુધ ઉત્પાદકોનો હોબાળો

ઘોઘંબા,
કોરોનાના સમયગાળામાં મંડળીના કર્મચારીઓના પગારમાં ઘટાડો કરાયો હતો. જે ફરીથી રેગ્યુલર કરી આપવાની માંગણી સાથે મંગળવારે કર્મચારીઓ હડતાળ ઉપર બેઠા હતા. છેલ્લા દસ દિવસથી કર્મચારીઓ પગારની માંગ કરી રહ્યા હતા. પરંતુ મંડળીની કમિટી દ્વારા માંગણી ન સંતોષાતા મંગળવારે કર્મચારીઓ કામગીરીથી દુર રહેતા દુધ ભરનાર ખેડુત સભાસદોએ હોબાળો મચાવ્યો હતો. કણબી પાલ્લી દુધ મંડળીમાં દરરોજ સાડા ત્રણ હજાર લીટર દુધની આવક છે. જે બધુ દુધ પડી રહેવાની શકયતાઓ ઉભી થઈ છે અને કર્મચારીઓ પોતાની માંગણીઓ બાબતે મકકમ છે. તેમજ મંડળીના સંચાલકો અને કમિટીના ચેરમેન તથા વાતચીત કરતા તેઓએ જણાવ્યુ હતુ કે, કર્મચારીઓ મનસ્વી રીતે હડતાળ કરી તે ખોટુ છે જયારે મોટાભાગના સભાસદો પણ હડતાળ મુદ્દે મંડળી સાથે હોવાનુ જણાવ્યુ હતુ. અને કર્મચારીઓ દ્વારા કરવામાં આવેલી હડતાળથી દુધ ભરનાર ખેડુતોને નુકસાન થયુ હતુ.

## હાલોલના તરખંડા ગ્રામ પંચાયતમાં વોર્ડ રચનામાં ફેરફાર કરી દેતા મતદારોમાં રોષ

હાલોલ,
હાલોલ તાલુકાના તરખંડા ગામે આગામી ડિસેમ્બર ૨૦૧૨માં યોજાનાર ગ્રામ પંચાયતની ચુંટણી માટેની વોર્ડ રચનામાં ગંભીર ફેરફારો કરી દેવાતા મતદારોમાં ભારે રોષની લાગણી ફેલાઈ છે. આ વોર્ડની રચનામાં ગંભીર વિસંગતતા બાબતે ગામના જાગૃત નાગરિકો દ્વારા પંચમહાલ જિલ્લા કલેકટરને રજીસ્ટર પોસ્ટ એડીથી લેખિતમાં રજુઆત કરવામાં આવી હોવાનુ જાણવા મળે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર તરખંડા ગામમાં આગામી ડિસેમ્બર માસમાં ગામ પંચાયતની ચુંટણી યોજાવાની છે જેના ભાગરૂપે તંત્ર દ્વારા તાજેતરમાં મતદાર યાદી પ્રસિદ્ધ કરાઈ છે. જે મતદાર યાદીમાં ફળિયાઓને વોર્ડની રચનામાં ગંભીર ફેરફાર કરી દેવાતા ગ્રામજનોમાં ભારે રોષની લાગણી ફેલાઈ છે. જેમાં ખાસ કરીને તળાવ ખડકી ફળિયામાં ઘરોની અને મતદારોની સંખ્યા જોતા એક વૉની રચના થઈ શકે તેમ હોવા છતાં તળાવ ખડકી ફળિયાને બે ભાગમાં વહેંચી, એક જુથને વોર્ડ-૩ અને બીજા જુથને વોર્ડ-જમાં સમાવેશ કરાયો છે. જેમાં વોર્ડ-૩માં એક જુથ તળાવ ખડકી ફળિયા સહિત અન્ય ૧૨ ફળિયાઓ ભેગા કરી વોર્ડ-૩ની રચના કરવામાં આવી છે. જયારે વોર્ડ-જમાં બીજા જુથ તળાવ ખડકી ફળિયા સહિત જુના વણકરવાસ નો સમાવેશ કરાયો છે. વર્ષ-૨૦૧૬માં યોજાયેલી ગ્રામ પંચાયતની ચુંટણીમાં વોર્ડ-૩માં ૮ પેટા ફળિયાનો સમાવેશ કરાયો હતો. જયારે વર્ષ-૨૦૨૧માં ૧૨ પેટા ફળિયાઓનો સમાવેશ કરાયો છે. જેમાં રતનસિંહ ફળિયુ, તળાવ ખડકીથી લગભગ એક કિ.મી. દુર આવેલુ છે અને અન્ય ફળિયાઓ ૨૦૦ મીટરના અંતરે આવેલા છે. આ ઉપરાંત વર્ષ-૨૦૧૬માં યોજાયેલી તરખંડા ગ્રામ પંચાયતની ચુંટણીની મતદારયાદીમાં જવી નગરીની નાયક જ્ઞાતિના મતદારો વોર્ડ-૩માં હતા તે મતદારો વર્ષ-૨૦૨૧માં વોર્ડ નં-૬મા લાવવામાં આવ્યા હતા. તથા જુના વણકરવાસના મતદાર વર્ષ-૨૦૧૬માં વોર્ડ નં-૩માં હતા તે મતદારોને વર્ષ-૨૦૨૧માં વોર્ડ નં-જમાં લાવવામાં આવ્યા તથા તળાવ ખડકી ફળિયાના ચાવડા જ્ઞાતિના જે મતદારો વોર્ડ નં-૩માં હતા તે મતદારોને ૨૦૨૧માં વોર્ડ નં-જમાં લાવવામાં આવ્યા.

આમ અનેક ફળિયાઓના મોટાભાગના મતદારોને વોર્ડની રચના કરવા બાબતે ફેરફાર કરી દેવાતા આવો ફેરફાર કરવા પાછળનો હેતુ શુ છે ? તે પ્રશ્ન ગ્રામજનોમાં ભારે ચર્ચાનો વિષય બન્યો છે.

## હાલોલના મદાર ગામમાં કાચા મકાનની દિવાલ પડતા છ બાળકોને ઈજાઓ

હાલોલ,
હાલોલ તાલુકાના મદાર ગામના સરદારપુરા ફળિયામાં કાચા મકાનની દિવાલ અચાનક ધરાશાયી થતાં દિવાલ પાસે રમતા છ નાના બાળકોને ઈજાઓ થતાં ભાગદોડ મચી જવા પામી હતી. બનાવને લઈ ઈજાગ્રસ્ત બાળકોને તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જેમાં બે બાળકને વધારે ઈજાઓ હોવાથી વધુ સારવાર માટે વડોદરા રિફર કરવામાં આવ્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર હાલોલ તાલુકાના મદાર ગામના સરદારપુરા ફળિયામાં રહેતા નાયક કાળુભાઈ મળાભાઈના કાચા મકાનની દિવાલ અચાનક ધરાશાયી થતાં દિવાલ પાસે રમી રહેલ છ બાળકો દિવાલ નીચે દબાઈ જતા ભાગદોડ મચી જવા પામી હતી. જેથી તેઓને તાત્કાલિક બહાર કાઢી એમ્બ્યુલન્સ મારફતે હાલોલ રેફરલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જયાં તેઓની સારવાર કરી રજા આપવામાં આવી હતી. અને આ છ પૈકી બે છોકરાઓને ફ્રેકચર હોવાથી વધુ સારવાર માટે વડોદરા એસ.એસ.જી.હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હોવાનુ જાણવા મળ્યુ છે. બનાવને લઈ ગામ તલાટીએ પંચકયાસ કરી ઉપલા અધિકારીને જાણ કરવામાં આવી હતી.

## આઝાદી કા અમૃત મહોત્સવ નિમિત્તે દાહોદ નગરમાં સાયકલ રેલી યોજાઈ



દાહોદ,
જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ, દાહોદ દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ નિમિત્તે એક સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. એડીશનલ એન્ડ ડિસ્ટ્રીકટ સેશન્સ જજ એસ.આઈ. ભોરણીયાએ વિશ્રામગૃહ દાહોદ ખાતેથી આ સાયકલ રેલીને પ્રસ્થાન કરાવ્યું હતું. વિવિધ કાનુની સહાય બાબતે જાગૃત્તિના બેનર સાથેની આ સાયકલ રેલી દાહોદ નગરનાં વિવિધ વિસ્તારોના માર્ગો પર ફરી કાનુની તેમજ સામાજિક જાગૃત્તિ બાબતનો સંદેશો આપ્યો હતો. ટાઉન પોલીસ ઈન્સ્પેકટર વંસત પટેલ સહિત દાહોદનાં પોલીસકર્મીઓ પણ આ સાયકલ રેલીમાં જોડાયા હતા.

## જાંબુઘોડા મામલતદાર કચેરીમાં નોન ક્રિમિનલના દાખલામાં અરજદારોને ધરમધક્કા

જાંબુઘોડા,
સરકાર દ્વારા પોલીસ કોન્સ્ટેબલની ભરતીની જાહેરાત બહાર પાડી છે જેને લઈ નોન ક્રિમીનલનો દાખલો પણ સામેલ કરવામાં આવતો હોય છે. જે દાખલો કઢાવવા દસ દિવસથી મામલતદાર કચેરીમાં યુવક-યુવતિઓ ધક્કાઓ ખાઈ રહ્યા છે. અને પોલીસ ભરતીમાં ઓનલાઈન ફોર્મ ભરવાનો છેલલો દિવસ હોઈ હજુસુધી આ લોકોને નોન ક્રિમિનલનો દાખલો મળ્યો નથી.

જાંબુઘોડા મામલતદાર કચેરીમાં બ્રોડ બેન્ડ સેવા પાછલા દસ દિવસથી ઠપ્પ હોઈ કોઈપણ જાતની ઓનલાઈન સેવા ચાલતી નથી. જેની કોઈપણ જાતના દાખલાઓ નીકળતા નથી. અને તાલુકાની જનતાને ધક્કા ખાવાનો વારો આવ્યો છે. જેથી વિદ્યાર્થીઓને નોન ક્રિમિનલનો દાખલો મેળવવો હોય તો જરૂરી ડોક્યુમેન્ટ લઈ હાલોલ મામલતદાર કચેરીમાં આવવાનુ જણાવી અધિકારીઓ-કર્મચારીઓ હાલોલ જવા રવાના થયા હતા. અને નોન ક્રિમિનલના દાખલ લેવા આવેલા વિદ્યાર્થીઓ અને વાલીઓ હજુ નોટરી કરાવવાની બાકી હોઈ જાંબુઘોડા મામલતદાર કચેરીએ બેઠા છે સમગ્ર મામલે બ્રોડ બેન્ડની સુવિધા બંધ હોઈ આ પરિસ્થિતિ સર્જાઈ હતી. બીજી બાજુ મામલતદાર કચેરીમાં બ્રોડ બેન્ડ સેવા ઠપ્પ હોઈ જીએસવાન બંધ થઈ ગઈ હતી. જાંબુઘોડા તાલુકાના આંતરિયાળ ગામોમાંથી ખાનગી વાહનો મારફતે જેમ તેમ કરી જાંબુઘોડા આવેલા વાલીઓ હવે હાલોલ જવા આમ તેમ વલખા મારી રહ્યા છે.

## હાલોલના ધારા તલાવડી ગામેથી ૧.૫૪ લાખનો દારૂના જથ્થા સાથે એક ઈસમને ઝડપી પાડતી LCB

હાલોલ,
હાલોલ તાલુકાના ધારા તલાવડી ગામે ભગત ફળીયામાં રહેણાંક મકાનમાં દારૂનો જથ્થો સંતાડી રાખેલ છે. તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી ઈંગ્લીશ દારૂની બોટલો, કવાટરીયા તથા બીયર ટીન મળી કુલ નંગ-૧૩૯૮ કિંમત ૧,૫૪,૦૫૦/- રૂપીયાના જથ્થા સાથે એક ઈસમને ઝડપી પાડયો. પ્રાપ્ત વિગતો પ્રમાણે હાલોલ તાલુકાના ધારા તલાવડી ગામે ભગત ફળીયામાં રહેણા ધર્મેન્દ્રભાઈ લક્ષ્મણભાઈ બારીયા પોતાના રહેણાંકમાં રહેતા મકાનમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો સંતાડી રાખેલ છે. તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમ્યાન રીટર્ન ડીલક્ષ વ્હિસ્કી પેટી નંગ-૨૪ કિંમત ૧,૧૫,૨૦૦/, સુપર સ્ટ્રોંગ બીયર પેટી નંગ-૮ કિંમત ૧૫,૩૬૦/-રૂપીયા, ગોવા વ્હિસ્કી બોટલો નંગ-૪૫ કિંમત ૧૮,૨૭૦/-રૂપીયા, રોયલ ડીલકસ વ્હીસ્કી પેટી નંગ-૧ કિંમત ૫,૨૨૦/- રૂપીયા મળી કુલ ૧,૫૪,૦૫૦/-રૂપીયાના જથ્થા સાથે ધર્મેન્દ્રભાઈ બારીયાને ઝડપી પાડવામાં આવ્યો. આ બાબતે પાવાગઢ પોલીસ મથકે પ્રોહિબીશન એકટ હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.

## સંજેલી પંથકમાં ડેન્ગ્યુના દર્દીઓ વધ્યા

સંજેલી,
સંજેલી તાલુકામાં ઠેર ઠેર ડેન્ગ્યુના દર્દીઓ જોવા મળી રહ્યા છે ત્યારે સંજેલી ખાતે આવેલા દવાખાનાઓ દર્દીઓથી ઉભરાવવા માંડ્યા છે. સંજેલી સી.એચ.સી.માં યોગ્ય સારવાર મળી રહે છે પણ ડેન્ગ્યુ અંગેની લેબોરેટરી કરાવવા ખાનગીમા જવાનો વારો આવ્યો છે.

હાલમાં સંજેલી નગરમાં આવેલ ઠાકોર ફળિયા વિસ્તારમાં ૧૦ જેટલા ઘરની વચ્ચે ૭ જેટલા ડેન્ગ્યુના કેસો છે પણ તંત્ર દ્વારા જરૂરી ગ્રાન્ટ ન હોવાના કારણે ફોગિંગ થઈ શકયુ નથી. અને તેના કારણે ડેન્ગ્યુના અવાર નવાર કેસો વધતા ગયા છે. સંજેલી પંચાયત દ્વારા નગરમાં દવા છાંટવામાં આવતી નથી. અને ગટરલાઈનની સાફસફાઈનો પણ અભાવ જોવા મળી રહ્યો છે. જેના કારણે રોગચાળો નગરમાં ફેલાઈ ગયો છે.

## LRD ભરતી માટે ૧૧ લાખ ૭૫ હજાર લોકોની અરજી

ગાંધીનગર,
ભરતીની વાત કરીએ તો બિન હથિયારધારી કોન્સ્ટેબલની ૫,૨૧૨ જગ્યા માટે ભરતી થશે.જયારે હથિયારધારી કોન્સ્ટેબલની ૭૯૭ જગ્યા માટે થશે ભરતી થશે. તો SRP કોન્સ્ટેબલની ૪,૪૫૦ જગ્યા માટે ભરતી થશે. SRP સિવાયની બંને કેટેગરીમાં મહિલાઓ માટે ૧,૯૮૩ જગ્યા અનામત રાખવામાં આવી છે. રાજયના ગૃહવિભાગ દ્વારા પોલીસ વિભાગમાં લોકરક્ષક દળ (LRD)ની ભરતીની મોટી જાહેરાત કરવામાં આવી છે. લોકરક્ષક દળ ભરતીનો મામલે ADGP હસમુખ પટેલે પત્રકાર પરિષદ યોજી હતી.. જેમાં LRDની ૧૦,૪૫૯ જગ્યા માટે ભરતીની જાહેરાત કરવામાં આવી છે.આ ભરતી પ્રક્રિયામાં ૯ નવેમ્બર સુધી ઓનલાઈન અરજી કરી શકાશે.

## વડોદરામાં પહેલા ડોઝનું વેક્સિનેશન ૯૮.૫૦ ટકા ઉપર પહોંચ્યું

વડોદરા,
વડોદરા શહેર જિલ્લામાં અત્યાર સુધીમાં કોરોનાના ૭૨,૧૮૭ પોઝિટિવ કેસ નોંધાયા છે. જે પૈકી પૂર્વ ઝોનમાં ૯૬૮૪ પશ્ચિમ ઝોનમાં ૧૨,૦૨૭, ઉત્તર ઝોનમાં ૧૧,૮૨૯, દક્ષિણ ઝોનમાં ૧૧,૮૩૫, વડોદરા ગ્રામ્યમાં ૨૬,૭૭૬ અને ૩૬ કેસ બહારના શહેર અને રાજ્યોના નોંધાયા છે. વડોદરા મહાનગરપાલિકાએ જાહેર કરેલા આંકડાઓ પ્રમાણે, વડોદરા શહેર અને જિલ્લામાં કોરોનાના પોઝિટિવ કેસનો કુલ આંક ૭૨,૧૮૭ ઉપર પહોંચી ગયો છે. વડોદરા જિલ્લામાં સત્તાવાર મૃત્યુઆંક ૬૨૩ ઉપર સ્થિર રહ્યો છે. અત્યાર સુધીમાં કુલ ૭૧,૫૦૨ લોકો કોરોનાને માત આપી ચૂક્યા છે. આ સાથે રસીકરણની કામગીરી પણ તેજ કરવામાં આવી છે. અત્યાર સુધીમાં પહેલા ડોઝનું વેક્સિનેશન ૯૮.૫૦ ટકા ઉપર પહોંચ્યું છે. વડોદરા શહેર-જિલ્લામાં કુલ ૨૫૭૪ સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું હતું. જેમાંથી ૪ સેમ્પલ પોઝિટિવ આવ્યા હતા. કોરોનાના એક્ટિવ દર્દીઓની સંખ્યા વધીને ૬૨ ઉપર પહોંચી ગઈ છે. આ પૈકી ૨ દર્દીને ઓક્સિજન અને એક દર્દી વેન્ટિલેટર પર રાખવામાં આવ્યો છે. હાલમાં ૫૯ દર્દીઓ ક્વોરન્ટીન છે. ૨ દર્દીઓને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવ્યો હતો. વડોદરા શહેરમાં પહેલા ડોઝનું વેક્સિનેશન ૯૮.૫૦ ટકા ઉપર પહોંચ્યું છે, જોકે, આરોગ્ય વિભાગ મુજબ છેલ્લા એક ટકામાં આવતા લોકોને શોધવા મુશ્કેલ હોય છે, જેને પગલે રસીકરણમાં સંખ્યા ઓછી થઈ રહી છે. જ્યારે બીજી બાજુ બીજો ડોઝ લેનારની ટકાવારી ૭૮.૮૦ ટકાએ પહોંચી છે.